# ધબકાર

ઈ-પેપર :www.dhabkar.in

દૈનિક અખબાર

● તા. ૦૫-૦૨-૨૦૧૮,
● સોમવાર

● તંત્રી : નરેશ વરિયા ● મુદ્રક : સુરેશ મનાણી ●મેનેજિંગ તંત્રી :મહેશ સવાણી ● પ્રકાશક : ધબકાર પબ્લિકેશન વતી રાજેન્દ્ર બાંભરોલિયા ● ૮,પેરીસ પ્લાઝા, ટોરેન્ટ હાઉસની બાજુમાં, સિનેમા રોડ, સુરત-૩. ફોન : (૦૨૬૧) ૨૪૫૮૦૦૮ ફેક્સઃ (૦૨૬૧) ૨૪૫૮૦૦૯

વર્ષ : ૨૦, અંક : ૨૫૯ ● સંવત ૨૦૭૪, મહા વદ-૫, તા.૦૫-૦૨-૨૦૧૮ સોમવાર ● REGD NO.SRT/197/2018-2020 ● RNI NO.32066/76 DHABKAR SURAT 05-02-2018 ● E-mail : dhabkar_mytv@yahoo.com

● પાનાઃ ૮
● કિંમત રૂા.૨


# પાકિસ્તાનનો ભીષણ ગોળીબાર : ૪ જવાન શહીદ

## જમ્મુના રાજૌરી ક્ષેત્રમાં ગોળીબાર કરાયો, બે જવાન ઈજાગ્રસ્ત : ભારત દ્વારા પણ જવાબી કાર્યવાહી : સરહદે તંગ સ્થિતિથી લોકોમાં ભય

જમ્મુ, તા.૪

નવી દિલ્હી જમ્મુ કાશ્મીરના રાજૌરી જિલ્લામાં અંકુશરેખા ઉપર પાકિસ્તાને આજે ફરી એકવાર ભીષણ ગોળીબાર અને તોપમારો કર્યો હતો જેમાં ચાર જવાનો શહીદ થયા હોવાના અહેવાલો મળ્યા છે. અન્ય બે જવાનો ઘાયલ પણ થયા છે. પાકિસ્તાની સૈનિકોએ રાજૌરી જિલ્લાના ભીમબર્ગ ગલી સેક્ટરમાં યુદ્ધવિરામનો ભંગ કરીને ભીષણ ગોળીબાર કર્યો હતો. સામ સામે ગોળીબારમાં ભારતીય પક્ષને ખુવારીનો સામનો કરવો પડ્યો હતો. અગાઉ પાકિસ્તાની સેનાએ પૂંચ અને રાજૌરી જિલ્લામાં અગ્રિમ ચોકીઓ અને ગામોને ટાર્ગેટ બનાવીને ગોળીબાર કર્યો હતો જેમાં લોકોમાં દહેશત ફેલાઈ ગઈ હતી. બંને દેશોએ એકબીજા ઉપર દોષારોપણ કર્યા છે. પાકિસ્તાનનું કહેવું છે કે, ભારતના ગોળીબારમાં તેના કેટલાક નાગરિકોને ઈજા થઈ છે.

આ વર્ષે જમ્મુ કાશ્મીરમાં પાકિસ્તાને



વારંવાર ગોળીબાર જારી રાખ્યો છે. ૧૮મી જાન્યુઆરીથી લઈને ૨૨મી જાન્યુઆરી વચ્ચેના ગાળામાં પુચ અને રાજૌરી જિલ્લામાં અંકુશ રેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ પર વારંવાર ગોળીબાર કર્યો છે.ય જેના કારણે સરહદી વિસ્તારમાં વ્યાપક અંધાધુંધી રહી છે. જમ્મુ, કથુઆ, અને સાંબા જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદ અને અંકુશ રેખા પર વારંવાર ગોળીબાર કર્યો છે. જેમાં આઠ નાગરિક સહિત ૧૪ લોકોના મોત થયા છે અને ૭૦ લોકો ઘાયલ થયા પાકિસ્તાન દ્વારા યુદ્ધવિરામનો કોઇ ભંગ કરાયો નથી તેવો દાવો પણ પાકિસ્તાન દ્વારા કરવામાં આવ્યો છે. બીજી બાજુ ૨૨મી જાન્યુઆરી બાદથી આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર પાકિસ્તન તરફથી હજુસુધી કોઇ યુદ્ધવિરામનો ભંગ કરાયો ન હતો પંરતુ આજે ફરી એકવાર અંધાધૂંધી ફેલાઈ ગઈ હતી. કારણ કે, પાકિસ્તાને ફરી એકવાર ગોળીબાર કરીને તંગદિલી સર્જી હતી. સરહદી વિસ્તારોમાં લોકોમાં વ્યાપક દહેશત પણ ફેલાઈ ગઈ હતી. આમ નવી દિલ્હી જમ્મુ કાશ્મીરના રાજૌરી જિલ્લામાં અંકુશરેખા ઉપર પાકિસ્તાને આજે ફરી એકવાર ભીષણ ગોળીબાર અને તોપમારો કર્યો હતો જેમાં ચાર જવાનો શહીદ થયા હોવાના અહેવાલો મળ્યા છે. અન્ય બે જવાનો ઘાયલ પણ થયા છે.



વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે બેંગલુરુમાં પેલેસ ગ્રાઉન્ડ ખાતે ભાજપની ૯૦-દિવસની નવનિર્માણ પરિવર્તન યાત્રાના સમાપન નિમિત્તે આયોજિત એક જાહેર સભાને સંબોધિત કરી હતી. જાહેર સભામાં ભાજપના કર્ણાટક એકમના પ્રમુખ બી.એસ. યેદિયુરપ્પાએ મોદીને પરંપરાગત પાઘડી પહેરાવીને એમનું સ્વાગત કર્યું હતું.

## ભારતમાં રહેનાર બધા રામના સંતાન : ગિરિરાજ સિંહ

ન્યુ દિલ્હ, તા.૪

પોતાના નિવેદનોને લઈને હંમેશા ચર્ચાનો વિષય બનનારા ભારતીય જનતા પાર્ટીના નેતા અને કેન્દ્રિય મંત્રી ગિરિરાજ સિંહે ફરી એકવાર વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. સિંહે કહ્યું છે કે, ભારતમાં રહેતા તમામ રામના સંતાનો છે, અહીં કોઈ બાબરનો વંશજ નથી.

રામ મંદિરના સંદર્ભમાં ગિરિરાજ સિંહે કહ્યું હતું કે, ભારતની અંદર કોઈ પણ બાબરના વંશજ નથી. અહીં બધા રામના સંતાનો છે, રામના પરિવારમાંથી છે. જો હું ધર્મ પરિવર્તન કરી લઉં તો શું મારા બાળકો અને તેમની આવનારી પેઢીઓના પૂર્વજ બદલાઈ જશે? ના, તેઓ હિન્દુ જ રહેશે.

અનુ. પાના ૭ પર

## લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ દરખાસ્ત પાછી નહીં ખેંચાય : જેટલી

**નાણામંત્રી અને સંબંધિત વિભાગના વડાઓએ સાફ ઈન્કાર કર્યો, દરખાસ્ત પર નારાજગી વધવાના સંકેત**

નવીદિલ્હી, તા. ૪

નાણામંત્રી અરુણ જેટલી અને કેન્દ્ર સરકારના અન્ય સંબંધિત વિભાગના વડાઓએ લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ પર દરખાસ્તમાં ફેરવિચારણા કરવાનો સાફ ઈન્કાર કરી દીધો છે. લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સના કારણે શેરબજારમાં હાલમાં ભારે હોબાળો મચી ગયો હતો. શેરબજારમાં ભારે અફડાતફડી જોવા મળી હતી. વરિષ્ઠ સરકારી અધિકારીઓએ કહ્યું છે કે, એલટીસીજી ટેક્સના સંદર્ભમાં ફેર વિચારણા કરવાનો કોઇ પ્રશ્ન નથી. શેર અને ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ ઉપર લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ લાગૂ કરવાની બજેટમાં રજૂ



કરવામાં આવેલી દરખાસ્ત ઉપર ફેર વિચારણા કરવા માંગણી ઉઠી રહી છે ત્યારે આ સંદર્ભમાં ધ્યાન આપવાનો ઈન્કાર કરી દેવામાં આવ્યો છે. અધિકારીઓનું કહેવું ચે કે, મિડલ ક્લાસ માટે ટેક્સ છુટછાટોના પરિણામ

અનુ. પાના ૭ પર

## બજેટ સત્રમાં વિવાદીત બોફોર્સ સોદાનો રિપોર્ટ રજૂ થવાની શક્યતા

**હાલ પીએસી દ્વારા ડ્રાફ્ટ તૈયાર કરાઈ રહ્યો છે, એક્શન ટેકન નોટ રજૂ કરવામાં વિલંબથી અહેવાલ તૈયાર કરવામાં વિલંબ**

નવીદિલ્હી, તા. ૪

છેલ્લા ૨૭ વર્ષથી બોફોર્સ તોપ સોદાબાજી મામલામાં તપાસ કરી રહેલી સંસદીય પેનલ દ્વારા વર્તમાન બજેટ સત્ર દરમિયાન આ મુદ્દા પર તેનો અહેવાલ રજૂ કરે તેવી શક્યતા છે. બોફોર્સ અંગે કેગ રિપોર્ટ પબ્લિક એકાઉન્ટસ કમિટી (પીએસી) સમક્ષ સૌથી જુનો પેન્ડિંગ મામલો છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે પીએસીનુ મુખ્ય કામ કેગના રિપોર્ટમાં ચકાસણી કરવાનુ રહે છે. કેગના ઓડિટ રિપોર્ટમાં તે ચકાસણી કરે છે. ત્યારબાદ તેને સંસદમાં રજૂ કરવામાં આવે છે. સંરક્ષણ અંગેની છ સભ્યોની પીએસી પેટા કમિટી બોફોર્સ હોવિત્ઝર તોપ સૌદાબાજી અંગે ૧૯૮૯ અને ૧૯૯૦ના કેગ રિપોર્ટના જુદા જુદા પાસામાં ચકાસણી કરી રહી છે. રિપોર્ટમાં વિલબ થવા માટેના કેટલાક કારણો છે. કારણ કે એક્સન ટેકન

અનુ. પાના ૭ પર

## મોદી દેશના પ્રથમ વડાપ્રધાન, જેની વાતોમાં વજુદ નથી : રાહુલ

**૨૦૧૫માં થયેલા નાગા શાંતિ કરારનો ઉલ્લેખ કરવા સાથે રાહુલે ટ્વીટ કરી : કરારના અસ્તિત્વ પર પ્રશ્ન ઉઠાવ્યો**

ન્યુ દિલ્હ, તા.૪

કૉંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ નગા શાંતિ કરારના બ્હાને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા છે. કૉંગ્રેસ અધ્યક્ષ એ કહ્યું છે કે નરેન્દ્ર મોદી દેશના પહેલાં એવા વડાપ્રધાન છે જેમની વાતોનો કોઇ મતલબ હોતો નથી. રાહુલ ગાંધીએ રવિવારના રોજ ટ્વીટ કરીને નગા કરારના અસ્તિત્વ પર પ્રશ્નો ઉઠાવ્યા.



કૉંગ્રેસ અધ્યક્ષ એ ટ્વીટ કરી કે ઑગસ્ટ ૨૦૧૫મા મિસ્ટર મોદી એ નગા કરાર પર દસ્તાવેજ કરીને ઈતિહાસ રચવાનો દાવો કર્યો હતો. ફેબ્રુઆરી ૨૦૧૮મા પણ નગા કરાર જમીન પર કયાંય દેખાઇ રહ્યો નથી. મોદીજી પહેલાં એવા ભારતીય વડાપ્રધાન છે જેમની વાતોનો કોઇ અર્થ જ નથી થતો. આપને જણાવી દઈએ કે ૨૦૧૫ની સાલમાં કેન્દ્ર સરકાર એ નગા અલગાવાવાદી સંગઠન નેશનલ સોશ્યાલિસ્ટ

અનુ. પાના ૭ પર

## ચંદ્રયાન-૨ ચાલુ વર્ષમાં જ અંતરિક્ષગમન કરશે

**મિશન માટે ઈસરો સજ્જ, ચંદ્રના દક્ષિણ ધ્રુવ માટે ભારતનું પ્રથમ મિશન હોવાથી અનેક પડકારો**

ન્યુ દિલ્હ, તા.૪

ચંદ્ર પર જવા માટે ભારતના બીજા અને પ્રતિષ્ઠિત ચંદ્રયાન-૨ મિશન માટે ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો) સંપૂર્ણપણે સજજ થઈ ગયું છે. ચંદ્રયાન-૨ ચંદ્રના દક્ષિણ ધ્રુવમાં ભારતનું પ્રથમ મિશન હશે. આ કારણે ચંદ્રયાન-૨ સામે અનેક પડકારો પણ છે.

ઈસરોના વડાના હોદ્દા પરથી ગયા મહિને જ નિવૃત થયેલા એ.એસ. કિરણકુમારે જણાવ્યું હતું કે અમે આ અભિયાન માટે બે સ્થળોની પસંદગી કરી છે. આ પૈકી કોઈ એકની અંતિમ પસંદગી કરાશે. આ બંને સ્થળોએ હજુસુધી એકેય મિશન લેન્ડિંગ થયું નથી.

ચંદ્રમા મિશન માટે તમિલનાડુના મહેન્દ્રગિરીના ઈસરોના લિક્વિડ પ્રોપલ્શન સિસ્ટમ સેન્ટરમાં તાડામાર તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. આની

અનુ. પાના ૭ પર

## ખેડૂતો માટે કેન્દ્ર સરકાર દ્વારા ૫૦૦ કરોડની યોજના

**માર્કેટ એસ્યોરન્સ સ્કીમ હેઠળ લઘુત્તમ સમર્થન મૂલ્યથી ઓછા ભાવ થશે તો સરકાર ખરીદી કરશે : સ્કીમ માટે તડામાર તૈયારીઓ**

નવીદિલ્હી, તા. ૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટુંક સમયમાં જ માર્કેટ અસ્યોરન્સ સ્કીમ ૫૦૦ કરોડના કોર્પ્સ ફંડની સાથે લોંચ કરવાની યોજના ધરાવે છે. આ સ્કીમ હેઠળ જો કિંમતો લઘુતમ સમર્તન મુલ્ય હેઠળ નીચે જશે તો રાજ્યો પાક મેળવી લેશે. સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે સુચિત સ્કીમ હેઠળ પ્રાપ્તિ વધારે મજબુત થનાર છે. માર્કેટમાં પ્રતિકુળ સંજોગો ઉભા થવાની સ્થિતીમાં ખેડુતોને આના કારણે રક્ષણ મળશે. સુત્રોએ કહ્યુ છે કે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની સાથે વાતચીત કરીને કેન્દ્રિય કૃષિ મંત્રાલય દ્વારા કોન્સેપ્ટ પેપર તૈયાર કરવામાં આવ્યા બાદ આ દિશામાં સરકાર આગળ વધી રહી છે. દરખાસ્ત મુજબ એમએસપી મેળવી લેવાના નિર્ણય સહિત માર્કેટ એસ્યોરન્સ સ્કીમની માલિકી રાજ્યો પર આધારિત રહેશે. જો કિંમતો ઘટી જશે તો ભારત સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલા નિર્ણય મુજબ સરકાર દ્વારા પાકની ખરીદી કરવામાં આવનાર છે.રાજ્યોની સાથે નાણાંકીય સંશાધનોની મર્યાદાને ધ્યાનમાં લઈને તથા પ્રાપ્તિ સંસ્થાઓની મર્યાદાને ધ્યાનમાં લઈને સરકાર વ્યાજ મુકત એડવાન્સ આપવા માટે ૫૦૦ કરોડના સેન્ટ્રલ કોર્પ્સ ફંડની રચના

અનુ. પાના ૭ પર

## બજેટમાં સેનાના આધુનિકિરણ માટે થયેલ ફાળવણી અપર્યાપ્ત

**પાક. અને ચીનના ખતરા વચ્ચે સંરક્ષણ બજેટમાં ૭.૮૧ ટકાનો વધારો ઘણો જ ઓછો હોવાનો નિષ્ણાતોનો મત : વધુ ફંડ ફાળવવું જરૂરી**

નવીદિલ્હી, તા. ૪

બજેટમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસના કાર્યક્રમો અને સેનાના આધુનિકીકરણ માટે વધારે જોગવાઈ કરવામાં આવી હોવા છતાં નિષ્ણાતોના કહેવા મુજબ ડિફેન્સ બજેટ આધુનિકીકરણ અને ઈન્ફ્રા માંગને પહોંચી વળવામાં સફળ રહેશે નહીં. ચીન અને પાકિસ્તાન તરફથી ઉભા કરવામાં આવી રહેલા લશ્કરી ખતરાને પહોંચી વળવા માટે વધારે પ્રમાણમાં બજેટની જરૂરી હોવાનો મત સંરક્ષણ નિષ્ણાતો વ્યક્ત કરી રહયા છે. સેનાની તૈયારીઓને વધુ ઝડપી અને આક્રમક બનાવવા માટે વધારે પ્રમાણમાં ફાળવણીની જરૂર દેખાઈ રહી છે. નિષ્ણાતોનું કહેવું છે કે, બજેટ ફાળવણી પૈકીની ચોક્કસ રકમ ઓપરેશન જરૂરીયાતોને પહોંચી વળવા અને ભાવિ જરૂરિયાતોને ધ્યાનમાં લઈને જાળવી રાખવાની જરૂર છે. યુદ્ધના સમયમાં આ પ્રકારની બાબત શક્ય રહેતી નથી. હાલમાં જ રજૂ કરવામાં આવેલા બજેટમાં ગયા વર્ષની સરખામણીમાં ફાળવણીમાં ૭.૮૧ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો. ૨૦૧૮-૧૯ માટેના સંરક્ષણ બજેટમાં આંકડો ૨.૯૫ લાખ કરોડનો રહ્યો છે જે છેલ્લા

અનુ. પાના ૭ પર

## દ. આફ્રિકાને બીજી વનડેમાં ટીમ ઈન્ડિયાએ ધૂળ ચટાડી

**ચહલના તરખાટ સામે દ. આફ્રિકાની ટીમ ૧૧૮ રનમાં તંબુ ભેગી : ભારતે ૨૦.૩ ઓવરમાં એક વિકેટ ગુમાવી વિજય મેળવ્યો**

સેન્ચુરિયન,તા. ૪

સેન્ચુરિયન ખાતે આજે રમાયેલી બીજી વનડે મેચમાં ભારતે દક્ષિણ આફ્રિકાને કચડી નાંખીને શાનદાર જીત મેળવી હતી. આફ્રિકાની ટીમ ભારતીય બોલરો સામે ટકી શકી ન હતી અને ૩૨.૨ ઓવરમાં જ માત્ર ૧૧૮ રનમાં પેવેલિયન ભેગી થઇ હતી. જવાબમાં ભારતીય ટીમે જોરદાર બેટિંગ કરીને ૨૦.૩ ઓવરમાં જ ચેમ્પિયનની જેમ બેટિંગ કરતા એક વિકેટે ૧૧૯ રન બનાવીને મેચ જીતી લીધી હતી. શિખર ધવન ૫૬ બોલમાં નવ ચોગ્ગા સાથે ૫૧ રન બનાવીને અણનમ રહ્યો હતો જ્યારે વિરાટ કોહલી ૫૦ બોલમાં ૪૬ રન બનાવીને અણનમ રહ્યો હતો. પ્રથમ વિકેટ ભારતે ૨૬ રને ગુમાવી દીધી બાદ બીજી કોઇ વિકેટ પડી ન હતી. મેન ઓફ દ મેચ તરીકે યુજવેન્દ્ર ચહેલની પસંદગી કરવામાં આવી હતી. ચહેલે તરખાટ મચાવીને ૨૨ રનમાં પાંચ વિકેટ ઝડપી હતી. કુલદીપે ૨૦ રનમાં ત્રણ વિકેટ ઝડપી હતી. વિકેટની દ્રષ્ટિએ દક્ષિણ આફ્રિકાની સામે ભારતની આ સૌથી મોટી જીત હતી. ભારતે શ્રેણીમાં ૨-૦ની લીડ મેળવી લીધી છે. રબાડાએ રોહિત શર્માની એક માત્ર વિકેટ ઝડપી હતી. પ્રથમ વનડેમાં ૧૧૨ રન ફટકારનાર કોહલીએ શાનદાર ફોર્મ

અનુ. પાના ૭ પર

## એનડીએ સાથે છેડો ફાડવાનો ટીડીપી દ્વારા ઈનકાર કરાયો

**બજેટ સહિતના મુદ્દે તીવ્ર મતભેદ છતાં ગઠબંધન ચાલુ રાખવાનો નિર્ણય : આંધ્ર પ્રદેશના વિકાસના મુદ્દે દબાણ ચાલુ રખાશે**

નવીદિલ્હી, તા. ૪

એનડીએમાં ભંગાણ પડવાને લઈને સંકટ ટળી ગયું છે. અમરાવતીમાં આજે ટીડીપીની બેઠક યોજાઈ હતી. જો કે, આ બેઠકમાં ધારણા પ્રમાણે કોઇ નિર્ણય લેવાયા ન હતા. ભાજપ સાથે તીવ્ર મતભેદ હોવા છતાં ભાજપ સાથે છેડો ફાડવાનો ટીડીપીએ ઈન્કાર કરી દીધો છે. ભાજપ અને ટીડીપી ગઠબંધન ઉપરનું સંકટ હવે ટળી ગયું છે. બેઠક બાદ મિડિયામાં ચાલી રહેલી અટકળો ઉપર પૂર્ણ વિરામ મુકાવતા કેન્દ્રીય મંત્રી વાયએસ ચૌધરીએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી ચંદ્રબાબૂ નાયડૂની શિવસેના અથવા તો અમિત શાહ સાથે કોઈ વાતચીત થઈ નથી. અગાઉ એવી અટકળો આવી હતી કે, અમિત શાહની દરમિયાનગીરી બાદ ગઠબંધન પરનું સંકટ ટળી ગયું હતું. કેન્દ્રીય મંત્રીએ કહ્યું હતું કે, બેઠકમાં બજેટ અને બજેટમાં આંધ્રપ્રદેશની અવગણનાના મુદ્દે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. તેમણે કહ્યું હતું , આંધ્રપ્રદેશના વિકાસને લઈને દબાણ જારી રાખવામાં આવશે. આ મુદ્દે સંસદમાં પણ મુદ્દો ઉઠાવવામાં આવશે. મિડિયા રિપોર્ટ સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતુ કે, એનડીએ સાથે ટીડીપી છેડો ફાડશે નહીં. અગાઉ મિડિયા રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતુ કે, અમિત શાહે ફોન કર્યા બાદ ચંદ્રબાબૂ નાયડૂએ હળવું વલણ અપનાવ્યું હતું.

અનુ. પાના ૭ પર

## ઉત્તર ભારતમાંથી શિયાળાની વિદાય : ગરમી વધવાના એંધાણ

**શિયાળો એક સપ્તાહ વહેલો પૂરો થશે : ચાલુ માસના અંત સુધીમાં તાપમાન ૨૮ ડિગ્રીએ પહોંચવાની શક્યતા**

ન્યુ દિલ્હ, તા.૪

આ વખતે દિલ્હી સહિત નોર્થ ઈન્ડિયામાં ઠંડીની સીઝન એક સપ્તાહ પહેલા પૂરી થવાની છે. હવામાન વિભાગના નિષ્ણાતોનું કહેવું છે કે, ૨૫ ફેબ્રુઆરી સુધી મેક્સિમમ ટેમ્પરેચર ૨૮ ડિગ્રી સેલ્સિયસ પહોંચી શકે છે. તેનું મુખ્ય કારણ એ છે કે, આગામી દિવસોમાં મજબૂત વેસ્ટર્ન ડિસ્ટરબન્સની અસર ઓછી દેખાશે અને તેના કારણે હવામાનમાં વધારે ફેરફાર નહીં થાય. શનિવારે દિલ્હીમાં દિવસે ૨૪.૩ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

હવામાન વિભાગના ડેપ્યૂટી ડિરેક્ટર ડૉ. દેવેન્દ્ર પ્રધાનના જણાવ્યા પ્રમાણે છેલ્લાં ચાર-પાંચ વર્ષમાં વાતાવરણમાં ઘણો ફેરફાર આવ્યો છે. ૨૦૧૪માં ૧ માર્ચ સુધી મહત્તમ તાપમાન ૨૧ ડિગ્રી સેલ્સિયસની આસપાસ નોંધાયું છે.

અનુ. પાના ૭ પર



# સુરત નાઈટ મેરેથોન પૂર્વે કિડ્ઝ મેરેથોનમાં ૧૩૦૦ બાળકો જોડાયા

**સુરત, તા. ૦૪**

સુરત નાઈટ મેરેથોન-૨૦૧૮ના ભાગ રૂપે કીડસ મેરેથોનનું આયોજન ડેસ્ટીની ગ્રુપ, રાઉન્ડ ટેબલ ઈન્ડિયા અને લેડીઝ સર્કલ ઈન્ડીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

આ મેરેથોનમાં આશરે ૧૩૦૦ બાળકોએ ભાગ લીધો હતો. આ મેરેથોનમાં થનાર આવક ટ્રાયબલ એરિયામાં ભણતાં બાળકો માટે વાપરવામાં આવશે.

કીડસ મેરેથોન પ્રતમ વખત જાહેર રસ્તા પર યોજાઈ હતી અને બાળકોએ ખૂબજી ઉત્સાહ પૂવર્ક ભાગ લીધો હતો. આ મેરેથોનમાં ૩ વિભાગ પાડવામાં આવ્યાં હતાં. જેમાં ૩.પથી ૫ વર્ષનાં માટે ૩૦૦ મીટર દોડમાં આશરે ૩૦૦ બાળકો, ૬થી ૮ વર્ષનાં માટે ૧ કિ.મી.ના ૭૦૦ બાળકો, અને ૯ થી ૧૧ના માટે ૧ કિ.મી.માં બાળકોએ ભાગ લીધો હો. આ દોડમાં સુરત ઉપરાંત નવસારી અને વલસાડ જિલ્લાનાં બાળકોએ ભાગ લીધો હતો.

આ મેરેથોનમાં ટોટલ ૨૭ વિજેતા બાળકોને સ્કોલરશીપ અને ભાગ લેનાર દરેક બાળકોને સર્ટિફિકેટ તેમજ બેઝ આપવામાં આવ્યાં હતાં.

**મુંબઈથી આવેલ ૮ વર્ષિય શુભમ જોષી ૩૦થી વધુ ૫ કિ.મી. મેરેથોનમાં ભાગ લઈ ચૂક્યો છે : કિડ્ઝ મેરેથોનની આવક ટ્રાયબલ એરિયાનાં બાળકો માટે વપરાશે**

# કાપોદ્રા વિસ્તારમાંથી રૂા. ૧.૮૭ લાખનો દારૂ ઝડપાયો

## મારૂતીકાર, દારૂ, રોકડ સહિત રૂા. ૨.૩૯ લાખનો મુદ્દામાલ જપ્ત : ૩ બુટલેગરો ઝડપાયા, ૧ વોન્ટેડ

**સુરત, તા. ૦૪**

કાપોદ્રા પોલીસ અને મોનિટરિંગ સેલ દ્વારા ગતરોજ કાપોદ્રા વિસ્તારમાંથી ૩ બુટલેગરો ઝડપી પાડી રૂા. ૧.૮૭ લાખનો દારૂ ઝડપી પાડવામાં આવ્યો હતો. એક સાગરિતને વોન્ટેડ જાહેર કરી પોલીસે દારૂના જથ્થા ઉપરાંત મારૂતિકાર, વેચાણની રોકડ અને મોબાઈલ સહિત કુલ રૂા. ૨.૩૯ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગત મુજબ મળેલી બાતમીના આધારે સ્ટેટ મોનીટરિંગ સેલની ટીમે ગતરોજ કાપોદ્રા ચાર રસ્તા સ્થિત સ્નેહમુદ્રા ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ શેરી.નં.૩ પાસેની એસએમસીની ખુલ્લી જગ્યામાં બનાવેલા કાચા છાપરા અને ભોંયરામાંથી રૂા. ૧,૫૯,૮૭૫ની કિંમતના ઈંગ્લીશ દારૂ સાથે બુટલેગર સંજય હરીભાઈ વરાડે તથા નેમીચંદ ભરોસી પરમારને ઝડપી પાડી દારૂના વેચાણની રોકડ રૂા. ૧૨,૩૦૦ અને મોબાઈલ મળી કુલ રૂા. ૧,૭૨,૬૭૫નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

જયારે સાથે રહેલી કાપોદ્રા પોલીસે પણ સ્થળેથી મારૂતી ફ્રન્ટી કાર.નં. જીજે-૧૯-એ-૯૫૭૫ (કિંમત રૂા. ૪૦ હજાર) સાથે રીસીઉ ફેપંજી પાંડેને ઝડપી પાડી રૂા. ૨૭,૧૫૦નો દારૂના જથ્થા સહિત કુલ રૂા. ૬૭,૧૫૦નો મુદ્દામાલ કબજે કરી તેના ખેપિયા સાગરિત સુનીલ રાજપૂતને વોન્ટેડ જાહેર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

*નવી સિવિલ હોસ્પિટલના*

# કેન્સર ડિટેક્શન સેન્ટરનાં તબીબો જેનરિક દવા લખી નહીં આપતા હોવાની ફરિયાદ ઉઠી

**સુરત, તા. ૪**

નવી સિવિલ હોસ્પિટલ ખાતેથી કેન્સર ડિપ્કેશન સેન્ટરનાં તબીબો જેનરિક દવાને બદલે ખાનગી સ્ટોર્સની જવાઓ દરદીઓને લખીને આપી રહ્યા છે. જેને પગલે સ્ટોર્સની મોંઘી દવા લેવા માટે દરદીઓ મજબૂર થયા છે.

રવિવારના રોજ શહેરભરમાં અનેક સંસ્થાઓ રેલીઓ કાઢીને કેન્સર દિવસ નિમિત્તે જાગૃતિ કાર્યક્રમો કર્યા હતા ત્યારે કેન્સરના તબીબો જ દર્દીઓની મજબૂરી સામે જાગૃત રહેતાં ન હોવાનો સિનારીયો સામે આવ્યો છે. સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં ચાલતાં ડીબી તેજાણી લાયન્સ કેન્સર ડિટેકશન સેન્ટરમાં સારવાર માટે આવતાં દર્દીઓને મોટા ભાગના તબીબો જેનરિક દવાઓ લખી ન આપતાં હોવાની ફરિયાદ સામે આવી હતી. કેન્સરની દવાઓ સામાન્યતઃ રૂ. ૧ હજારથી માંડીને રૂ. ૪૫ હજાર સુધીના એક ડોઝ જેટલી મોંઘીદાટ આવતી હોય છે. તેવા સંજોગોમાં તબીબો જેનરિક દવાઓ લખવાનું ટાળતાં દર્દીના પરિજનોએ પ્રાઈવેટ સ્ટોર્સમાંથી મોંઘી દવાઓ ખરીદવી પડે છે. આ અંગે જેનરિક દવાના સ્ટોર્સના કર્મચારીઓ સાથે વાત કરતાં તેઓએ જણાવ્યું કે, અગાઉ દવાઓ લેવા માટે દર્દીઓ આવતાં હતાં. પરંતુ હવે તબીબો જ દવા લખતાં ન હોવાથી દર્દીઓ આવતાં નથી અને સ્ટોક પણ મંગાવવામાં આવતો નથી.

જોકે, આ અંગે સેન્ટરના પ્રમુખ અનુ તેજાણીએ જણાવ્યું હતું કે, અગાઉ એક વાર તમામ તબીબોને જેનરિક દવાઓ લખવા માટે સૂચના આપવામાં આવી છે. હવે ફરી એક વાર આ અંગે તબીબોને સૂચના આપી દેવાશે. આમ તો મોટા ભાગની દવાઓ સેન્ટરમાંથી જ વિનામૂલ્યે આપવામાં આવે છે.

**જેનરિક દવાને બદલે ખાનગી સ્ટોર્સની દવા લખી આપતા દરદીઓ મોંઘી દવા લેવા મજબૂર**

# નવસારીમાં સુરતના ખેડૂત સાથે પાંચ કરોડની ઠગાઈ

## ભટારના ખેડૂતે ૫.૦૬ કરોડનું પેમેન્ટ ચૂકવ્યા બાદ વિવાદ ઊભો કકરી કસબાપારની જમીન અન્યને વેચી દેવાઈ

**સુરત, તા. ૦૪**

નવસારી જિલ્લાના કસબાપાર ગામે આવેલી જમીન પેટે રૂા. ૫.૦૬ કરોડ જેટલી માતબર રકમ વસુલ્યા બાદ ખોટો વિવાદ ઉભો કરી જમીનના ભાગીદારોએ આ જમીન અન્યને વેચી દઈ ભટારના ખેડૂત સાથે ઠગાઈ કરી હોવાની ફરિયાદ ખટોદરા પોલીસ ચોપડે નોંધાવા પામી છે.

ખટોદરા પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગત મુજબ નવસારી જલાલપોર રોડ ખાતે આવેલા તાસકંદ નગરમાં રહેતા ચર્ચીલ રમેશચન્દ્ર સિમેન્ટવાલાની નવસારી જિલ્લાના કસબાપાર ગામે આવેલી જમીન તેમણે ભાગીદારો સાથે મળી ગત સપ્ટેમ્બર ૨૦૧૪માં ખેડૂત પિયુષભાઈ રામજીભાઈ પટેલ (રહે. સાંઈ આશિષ સોસાયટી, બ્રેડ લાઈનર સર્કલ પાસે, ભટાર, સુરત) ને વેચી હતી. પ્રથમ રકમ પેટે રૂા. ૨૦,૮૫,૦૦૦ અને ત્યારબાદ તબક્કાવાર રૂા. ૪,૮૬,૦૦,૦૦૦ (ચાર કરોડ પંચાસી લાખ) મેળવી લીધા હતા. ત્યારબાદ બદઈરાદો ધરાવતાં ચર્ચીલ સિમેન્ટવાલાએ જમીનના ભાગીદાર ગણાતા પત્ની અને બે પુત્રી તેમજ ભાગીદાર ભીખુભાઈ ઈશ્વરભાઈ દેસાઈ (રહે. લુન્સીકુઈ, નવસારી) અને ધર્મેશ ધીરૂભાઈ પચેલ (રહે. વિરાવળગામ, જિ. નવસારી) સાથે મળી વાદ-વિવાદ ઊભો કર્યો હતો. જેથી ખેડૂત પિયુષભાઈ પટેલ દ્વારા બાકીનું પેમેન્ટ આપવાનું અટકાવ્યું હતું. આ તરફના સમયગાળામાં બદઈરાદો ધરાવતાં આ તમામ ભાગીદારોએ આ જમીન ખેડૂત પિયુષભાઈ પટેલને વેચેલ હોવા છતાં તેમની જાણ બહાર ગત તા. ૧૬/૨/૧૭નાં રોજ નિધીબેન પ્રિયાંકકુમાર શાહને વેચી રજીસ્ટર્ડ દસ્તાવેજ આપ્યો હતો. પોતાનો અંધારામાં રાખી આ જમીન બારોબાર વેચી દઈ રૂા. ૫.૦૬ કરોડની ઠગાઈ મામલે સામે આવતા જરૂરી તજવીજના અંતે ખેડૂત પિયુષભાઈ પટેલ દ્વારા જમીનના તમામ ભાગીદારો વિરૂદ્ધ ગતરોજ ખટોદરા પોલીસ મથકમાં છેતરપિંડી અને વિશ્વાસઘાત અંતર્ગત ફરિયાદ નોંધાવી હતી.

# ડીંડોલીમાં મોર્નિંગ વોક પર નીકળેલા વિદ્યાર્થીના મોબાઈલની ચીલઝડપ

## રવિપ્રતાપસિંગ વોક કરતા ફોન પર વાત કરતો હતો, બાઈક પર આવેલા બે અજાણ્યા મોબાઈલ લૂંટી ફરાર

**સુરત, તા. ૦૪**

ડીંડોલી-કરાડવા રોડ ઉપર વહેલી સવારે વોકિંગમાં નીકળેલા વિદ્યાર્થીના હાથમાંથી બાઈક સવાર બે અજાણ્યા મોબાઈલ ચીલઝડપ કરી ભાગી છૂટ્યા હતાં.

ડીંડોલી પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગત મુજબ ડીંડોલી સ્થિત સ્કાય એવન્યૂની બાજુમાં આવેલી સાંઈ રેસિડેન્સીમાં રહેતો અને કોલેજમાં અભ્યાસ કરતો રવિપ્રતાપ સત્યેન્દ્ર સિંગ શનિવારની સવારે વોકિંગમાં નીકળ્યો હતો. દરમિયાન કરાવડવા રોડ પર આવેલ અક્ષર કલીનિક પાસેથી પોતાના નોકીયા કંપનીના મોબાઈલ ઉપર વાત કરતા પસાર થતો હતો તે વેળા એક પલ્સર મોટરસાઈકલ પર આવેલા બે અજાણ્યા તેના હાથમાંથી મોબાઈલ ઝૂંટવી લઈ પુરપાટ ઝડપે ભાગી છૂટ્યા હતાં. બનાવ મામલે રવિપ્રતાપે જરૂરી તજવીજના અંતે આજરોજ ડીંડોલી પોલીસ મથકમાં બાઈક સવાર બંને અજાણ્યા વિરૂદ્ધ મોબાઈલ ચીલઝડપ સંદર્ભે ફરિયાદ નોંધાવી હતી.

# નવી સરદાર માર્કેટ પાસે મોબાઈલ ચોર ઝડપાયો

## રામકરણ રાવત ચોરીના બે મોબાઈલ વેચવા જતા પોલીસના હાથે ઝડપાયો : સરથાણા પોલીસનો ગુનો ઉકેલાયો

**સુરત, તા. ૦૪**

સુરત-કડોદરા રોડ સ્થિત નવી સરદાર માર્કેટ પાસેથી મોબાઈલ ચોરને ઝડપી પાડી ડીસીબી પોલીસે રૂા. ૧૫ હજારની કિંમતના બે મોબાઈલો કબજે કરી સરથાણા પોલીસ મથકનો એક ગુનો ઉકેલી કાઢ્યો હતો.

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગત મુજબ મળેલી બાતમીના આધારે ડીસીબી પોલીસે ગતરોજ સાંજે સુરત-કડોદરા રોડ સ્થિત નવી સરદાર માર્કેટ પાસે ચોરીના મોબાઈલ વેચવા નીકળેલા રામકરણ રામફેર રાવત (ઉ.વ. ૪૦, રહે. આનંદનગર, રામજીવનગરની પાછળ, સહારાદરવાજા, સુરત, મૂળ વતન. ફૈઝાબાદ, યુ.પી) ને ઝડપી પાડ્યો હતો. તપાસ દરમિયાન તેના કબજામાંથી રૂા. ૧૦ હજારની કિંમતનો વીવો અને રૂા. ૫ હજારની કિંમતનો લાવા કંપનીનો મળી કુલ રૂા. ૧૫ હજારની કિંમતના બે મોબાઈલ મળી આવ્યા હતાં. પુછપરછ દરમિયાન આ બંને મોબાઈલો ચોરીના હોવાનું કબુલ કરતાં ડીસીબી પોલીસે બંને મોબાઈલો કબજે કરી રામકરણ રાવતની અટક કરી હતી. બાદ મોબાઈલના આઈએમઈઆઈ નંબરના આધારે તપાસ હાથ ધરી સરથાણા પોલીસ મથકમાં નોંધાયેલો મોબાઈલ ચોરીનો એક ગુનો ઉકેલી કાઢી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# અમરોલી બ્રિજ પર અકસ્માતમાં બાઈક સવાર યુવકનું મોત

## સૌરાષ્ટ્રથી શુભ પ્રસંગે આવેલા રત્નકલાકાર નરેન્દ્ર ઉર્ફેઆ નૈમિશ વિનોદ રૈયાણીનું અકસ્માતમાં મોત

**સુરત.તા.૪**

અમરોલી બ્રિજ પર અકસ્માતમાં યુવકનું મોત થયું હતું. સૌરાષ્ટ્રથી સુરત સંબંધીને ત્યાં શુભ પ્રસંગે આવેલા રત્નકલાકાર યુવકે કાર સાથે બાઈક અથડાતા રોકવા માટે બાઈકની બ્રેક મારી હતી. બ્રેક જોરથી મારવાથી તે નીચે પટકાયો હતો. સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં ટૂંકી સારવાર બાદ મોત નીપજ્યું હતું.

કતારગામ પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ મૂળ જૂનાગઢ જિલ્લાનો વતની અને રત્નકલાકાર તરીકે કામ કરતો નરેન્દ્ર ઉર્ફે નૈમિશ વિનોદ રૈયાણી(ઉ.વ.૨૫) પુણાગામની હસ્તિનાપુર સોસાયટીમાં રહેતાં તેમના કાકાના ઘરે આવ્યો હતો. છાપરાભાઠા રોડના કાર્તિક નગરમાં રહેતાં તેમના બનેવીના ઘરે ગત મોડી રાત્રે બાઈક લઈને જતો હતો. તે વખતે અમરોલી બ્રિજ પાસે બાઈક સ્લિપ થતાં તે પટકાયો હતો. ગંભીર ઈજા થતાં સ્મીમેરમાં ટૂંકી સારવાર દરમિયાન તેનું મોત થયું હતું.

વધુમાં યુવક તેમના પિતરાઈ બહેનના સગાઈના પ્રસંગમાં પરિવાર સાથે સુરત આવ્યો હતો. પરિવાર વતન ગયાં બાદ તે રોકાયો હતો. દરમિયાન ગત રોજ મિત્રની બાઈક લઈને તે જતો હતો ત્યારે ટ્રાફિકમાં આગળ જતી કાર સાથે બાઈક અથડાઈ ન જાય તે માટે બ્રેક મારવા જતાં પટકાયો હતો. બનાવ અંગે કતારગામ પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# ભેસાણ-ઓએનજીસી રોડ પર અજાણ્યા યુવકનું અકસ્માતમાં મોત

## મૃતક યુવકની ઓળખ માટે પોલીસે તપાસ હાથ ધરી

**સુરત.તા.૪**

ભેસાણ-ઓએનજીસી પર અજાણ્યા યુવકનું વાહન અડફેટે મોત નીપજ્યું હતું. મૃતક યુવકની ઓળખ માટે પોલીસે તપાસ હાથ ધરી છે.

ઈચ્છાપોર પોલીસ સ્ટેશન પાસેથી મળતી માહિતી મુજબ ગત મોડી રાત્રે ભેસાણ-ઓએનજીસી રોડ પર સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ નજીક આશરે ૩૦ વર્ષના એક યુવકને પાછળથી કોઈ અજાણ્યો વાહનચાલક ટક્કર મારી ફરાર થઈ ગયો હતો. અકસ્માતને પગલે ગંભીર ઈજા પામેલાં યુવકને સારવાર મળે તે પહેલાં જ તેનું મોત થયું હતું. પોલીસે યુવકની લાશનું પીએમ કરાવી તેની ઓળખ કરવા માટેની તજવીજ હાથ ધરી હતી. જોકે, હાલ સુધીમાં યુવકની કોઈ ઓળખ થઈ ન હતી.



વર્લ્ડ કેન્સર ડે નિમિત્તે ઈન્ડિયન મેડિકલ એસોસિએશન દ્વારા અઠવાલાઈન્સ ચોપાટી ખાતે બેનરો સાથે રેલી યોજી હતી. (તસવીર : મીતેશ બંગડીવાલા)

# ટીઆરબી જવાન સાથે ઝપાઝપી કરનાર રિક્ષાચાલક જેલમાં ધકેલાયો

## સીમાડા ચાર રસ્તા પર ટ્રાફિક નિયમન કરતા જવાન સાથે રિક્ષા ચાલક દેવેન્દ્ર શર્માએ ઝપાઝપી કરી

**સુરત, તા. ૦૪**

સીમાડા ચાર રસ્તા ટ્રાફિક પોઈન્ટ ઉપર અડચણરૂપ રિક્ષાને હટાવવાનું કહેવાતા ટી.આર.બી કર્મચારી સાથે ઝપાઝપી કરી સરકારી ફરજમાં અડચણ કરનારા રિક્ષાચાલકને સરથાણા પોલીસે જેલના પાંજરે પૂર્યા હતા.

સરથાણા પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગત મુજબ સીમાડા ચારરસ્તા ટ્રાફિક પોઈન્ટ ઉપર ગત સાંજ ટી.આર.બી કર્મચારી સંદિપ શંભુભાઈ જીકાદ્રા ટ્રાફિક નિયમન કરી રહ્યા હતાં. દરમિયાન ટ્રાફિકને અડચણ થાય તે રીતે પાર્ક કરેલી રિક્ષા.નં. જીજે-૦૫-ઝેડઝેડ-૫૪૬૨ના રિક્ષાચાલક દેવેન્દ્ર દિનાનાથ શર્મા (રહે. દિવાળી નગર, સીમાડાગામ)ને રિક્ષા હટાવવા જણાવ્યું હતું. જેથી આવેશમાં આવેલા રિક્ષાચાલક દેવેન્દ્ર શર્માએ તેમની સાથે ગાળાગાળી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. પરંતુ રિક્ષા નહીં હટાવતાં થયેલી રકઝક દરમિયાન રિક્ષા ચાલકે સંદિપ જિકાદ્રા સાથે ઝપાઝપી કરી યુનિફોર્મનો હેલ્મેટ તોડી નાંખ્યો હતો. સરકારી ફરજમાં અવરોધ ઉભો કરી કરાયેલા ગેરવ્યવહારના પગલે ટી.આર.બી. જવાન સંદિપ જીકાદ્રા દ્વારા ફરિયાદ નોંધાવતાં સરથાણા પોલીસે રિક્ષા કબજે કરી રિક્ષાચાલક દેવેન્દ્ર શર્માની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# પરિયા ગ્રામ પંચાયતના સરપંચની ચૂંટણીમાં ૮૫.૭૪ ટકા મતદાન થયું

**ઓલપાડ,તા-૦૪**

ઓલપાડ તાલુકાના પરિયા ગામે આજે યોજાયેલી સરપંચપદની ચૂંટણીમાં મતદાન પ્રક્રિયા યોજાતા ગામના મતદારો મતદાન કરવા ઉમટી પડવાથી ૮૫.૭૪ ટકા મતદાન થયું હતું.જ્યારે આજે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે યોજાયેલી ચૂંટણીમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બનતા ગ્રામજનો સહિત સરકારી તંત્રે રાહતનો દમ લીધો હતો.જ્યારે ત્રિપાંખિયા જંગમાં યોજાયેલી ચૂંટણીમાં ગામના સરપંચપદનું ભાવિ ઈવીએમ મશીનમાં સીલ થતા તા-૬ ને મંગળવારે યોજાનાર મત ગણતરી દરમ્યાન તેઓના ભાવિનો ફેંસલો ગામના હળપતિ મતદારો કરે તેવા એંધાણ જણાઈ રહ્યા છે.

વિગત મુજબ તાલુકાના પરિયા ગ્રા.પં.ની ચૂંટણીમાં અગાઉ ગ્રામજનોએ સરપંચપદના પાંચ મહિલા ઉમેદવારો વચ્ચે સમાધાન કરી ચિઠ્ઠી ઉછાળી સરપંચ તરીકે સુનિતાબેન મુકેસભાઈ દેસાઈની સમરસ વરણી કરી હતી.પરંતુ સુનિતાબેન પંચાયત સભ્યોને વિશ્વાસમાં લીધા વિના કારભાર કરતા હોવાની રાવ કરી આઠ પંચાયત સભ્યોએ તેમને અવિશ્વાસની દરખાસ્તથી ઘર બેસાડતા આજે યોજાયેલી ચૂંટણીમાં રાજપૂત સમાજના અગ્રણી અને ગામના માજી સરપંચ હેમેન્દ્ર વાંસદિયાની ધર્મપત્ની અનસુયાબેન વાંસદિયાએ ઉમેદવારી કરી હતી.જ્યારે તળપદા કોળી પટેલ સમાજે હર્ષાબેન કિરણભાઈ પટેલ તથા હળપતિ સમાજે મનિષાબેન મહેન્દ્રભાઈ રાઠોડને મેદાનમાં ઉતાર્યા હતા.આ ત્રિપાંખીયા જંગમાં બુથ નં-૧ કુલ ૭૯૦ મતદારો પૈકી ૬૯૮,જ્યારે બુથ નં-૨ ના ૮૮૬ મતદારો પૈકી ૭૩૯ મતદારોએ મતદાન કરતા કુલ ૧૬૭૬ મતદારોમાંથી ૧૪૩૭ મતદારોએ મતદાન કરતા કુલ ૮૫.૭૪ ટકા મતદાન નોંધાયું હતું.જા કે મતદાન બાદ ઉમેદવાર અનસુયાબેન વાંસદિયાએ તથા હર્ષાબેન પટેલે જીતનો દાવો કરતા ગામના મતદારો જણાવી રહ્યા છે કે,આ ત્રિપાંખીયા જંગમાં હળપતિ મહિલા ઉમેદવાર માત્ર શોભાના ગાંઠીયો પૂરવાર થશે.પરંતુ બાકીના બંન્ને ઉમદવારોના ભાવિનો ફેંસલો તો ગામના હળપતિ મતદારો મંગળવારે યોજાનાર મતગણતરી દરમ્યાન કરશે તે નક્કી મનાઈ રહ્યું છે.

**રાજપૂત તથા તળપદા કોળી પટેલ સમાજની મહિલા ઉમેદવાર મેદાનમાં હતી, મંગળવારે મતગણતરી દરમિયાન હળપતિ મતદારોનો ફેંસલો જાહેર થશે**

# વેપારી સાથે ૧.૨૬ કરોડની ઠગાઈ મામલે પાંચ વિરૂધ્ધ ફરિયાદ

**સુરત, તા. ૦૪**

સલાબતપુરા પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગત મુજબ વરાછા લંબેહનુમાન રોડ સ્થિત રામકૃષ્ણ સ્કૂલની પાછળ આવેલી કૃષ્ણનગર સોસાયટીમાં રહેતા વેપારી યોગેશ હિંમતભાઈ કાછડિયા રિંગરોડ સ્થિત જશ ટેક્ષ્ટાઈલ માર્કેટની દુકાન.નં. ૨૦૪૨ રૂદ્રાક્ષ ટેક્ષ અને શ્રીખોડિયાર ટેક્ષના નામથી ટ્રેડિંગનો વ્યવસાય કરે છે. શરૂઆતમાં નિયમિત પેમેન્ટ ચૂકવી વિશ્વાસ સંપાદન કર્યા બાદ રિજેન્ટ માર્કેટની સામે આવેલી નવાબવાડી ખાતે આરતી સિલ્કમિલ તથા વિનસ ફેબ્રિક્સના માલિક ભરત જે પટેલ અને તેના ભાગીદાર ભરત કાપડિયાએ કોહીનુર ટેક્ષ્ટાઈલ માર્કેટની દુકાન.નં. સી/૨૪૦૪,૫,૬માં કાપડનો વ્યવસાય કરતા રોહિત પટેલ અને તેના પિતા સુનિલભાઈ સાથે મળી યોગેશભાઈ પાસે કુલ રૂા. ૧,૨૬,૭૮,૮૮૯ની કિંમતનું ગ્રે-કાપડ ખરીદી કર્યુ હતું. ગત ફેબ્રુઆરી ૨૦૧૫થી મે-૨૦૧૭ના સમયગાળામાં અલગ અલગ બિલ અને ચલન થકી ખરીદવામાં આવેલા આ કાપડનું નિયત સમયે પેમેન્ટ નહીં ચૂકવી કાપડ દલાલ સુનિલભાઈ જરીવાલા (રહે. રામેશ્વર ગ્રીનપાર્ક, ન્યુ વીઆઈપી રોડ, સુરત) દ્વારા ખોટા ખોટા વાયદાઓ કરી ધક્કે ચઢાવવામાં આવ્યા હતા. ખરીદી કરેલો માલ આ પટેલ બંધુઓએ માર્કેટમાં વેચી દઈ રોકડી કરી લીધી હોવા છતાં પેમેન્ટ નહીં ચૂકવવામાં આવતા અંતે રૂદ્રાક્ષ ટેક્ષના વેપારી યોગેશ કાછડિયા દ્વારા ગતરોજ સલાબતપુરા પોલીસ મથકમાં ચારેય વેપારી અને દલાલ સહિત પાંચેય ઠગો વિરૂદ્ધ છેતરપિંડી અને વિશ્વાસઘાત મામલે ફરિયાદ નોંઘાવવામાં આવી હતી.

# રાજ્યની ૧૧૫૩ ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં ૭૫ ટકા ઉંચુ મતદાન

## ગ્રા. પં.ની ચૂંટણીમાં પ્રથમ વખત ચૂંટણીમાં ઈવીએમનો ઉપયોગ : ૨૭૦ ગ્રામ પંચાયતો સમરસ થઈ : મંગળવારે મતગણતરી અને પરિણામ

અમદાવાદ,તા. ૪

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં આજે રાજયની ૧૪૨૩ ગ્રામ પંચાયતોમાંથી કુલ ૨૭૦ સમરસ જાહેર થયા બાદ ૧૧૫૩ ગ્રામપંચાયતોની ચૂંટણી યોજાઈ હતી, જે શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી. ગ્રામ પંચાયતોની આજની ચૂંટણીમાં ગ્રામ્ય વિસ્તારના મતદારોએ ભારે ઉત્સાહ સાથે ઉંચુ અને વિક્રમી મતદાન કરી શહેરી વિસ્તારની પ્રજાને શરમાવી હતી. ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ૭૫ ટકાથી વધુ મતદાન નોંધાયું હતુ. ગ્રામ્ય વિસ્તારોમાં મહિલાઓ ખેતરો-ઘરના કામકાજ પડતા મૂકીને પણ મતદાન માટે ભારે ઉત્સાહ સાથે આગળ આવી હતી અને નોંધનીય મતદાન કર્યું હતું. રાજયની કુલ ૧૪૨૩ ગ્રામ પંચાયતો પૈકી ૨૭૦ ગ્રામ પંચાયતો સમરસ જાહેર થતાં આજે ૧૧૫૩ ગ્રામ પંચાયતોમાં સરપંચ અને વોર્ડ બેઠકો માટેની મહત્વની ચૂંટણી યોજાઈ હતી. રાજયમાં ૧૧૨૯ સરપંચો અને ૬૦૪૯ વોર્ડ બેઠકો માટેના ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં કેદ થઈ ગયું છે. સાંજે ચાર વાગ્યા સુધીમાં રાજયના ૩૨ જિલ્લાઓમાં યોજાયેલી ગ્રામ પંચાયતની ચૂંટણીનું સરેરાશ મતદાન ૭૫ ટકા જેટલું ઉંચુ મતદાન નોંધાયું હતું. રાજયમાં આજે વહેલી સવારથી જ ગ્રામપંચાયતોની ચૂંટણીને લઈ ગ્રામ્ય વિસ્તારના મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળતો હતો. વહેલી સવારથી ગામના જાગૃત નાગરિકો, વૃધ્ધો અને મહિલાઓ લાંબી લાઈનો લગાવી મતદાન માટે ઉભા રહી ગયા હતા. અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, ભાવનગર, અમરેલી, છોટા ઉદેપુર સહિતના જિલ્લાઓમાં વિવિધ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાઈ હતી. અમદાવાદ જિલ્લામાં વિરમગામ, માંડલ અને દેત્રોજ તાલુકાના ગામોમાં ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાઈ હતી. અમદાવાદ જિલ્લાની ૨૨ ગ્રામ પંચાયતો પૈકી ૯ પંચાયતો સમરસ જાહેર થતાં અહીં આજે ૧૩ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાઈ હતી. રાજયના ૩૨ જિલ્લાઓમાં કુલ ૧૪૨૩ ગ્રામ પંચાયતો પૈકી ૨૭૦ ગ્રામ પંચાયતો સમરસ જાહેર થતાં આજે ૧૧૫૩ ગ્રામ પંચાયતોમાં સરપંચ અને વોર્ડ બેઠકો માટેની મહત્વની ચૂંટણી યોજાઈ હતી. ૧૦૨ સરપંચોની ચૂંટણી અંશતઃ બિનહરીફ અગાઉ જ ઘોષિત થઈ ગઈ હતી, જયારે ૪૧૯૫ વોર્ડ બેઠકો પણ અંશતઃ બિનહરીફ જાહેર થઈ ગઈ હતી. રાજયના ૩૨ જિલ્લાઓના ૨૨ લાખ, ૫૧હજાર, ૮૮૪ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ગ્રામ પંચાયતોની ચૂંટણીને લઈ મતદાનમથકો પર પહેલેથી જ તંત્ર દ્વારા લોખંડી સુરક્ષા બંદોબસ્ત તૈનાત કરવામાં આવ્યો હતો. આ વખતની ગ્રામ પંચાયતની ચૂંટણીમાં પણ વિધાનસભાની ચૂંટણીની જેમ ઈવીએમનો ઉપયોગ કરાયો હતો. તો, આ ચૂંટણીમાં મતદારોને નોટાનો ઉપયોગ કરવાનો પણ વિકલ્પ હતો. વહેલી સવારે આઠ વાગ્યાથી સાંજે પાંચ વાગ્યા સુધી રાજયની ગ્રામ પંચાયતોની ચૂંટણીનું મતદાન યોજાયું હતું. જે એકંદરે શાંતિપૂર્ણ અને સારા વાતાવરણમાં સંપન્ન થયું હતું. ઉલ્લેખનીય છે કે, રાજયની ૨૭૦ ગ્રામ પંચાયતો સમરસ જાહેર થઈ છે, તે સિવાયની પંચાયતોમાં ૧૭૫૦ સદસ્યો બિનહરીફ ચૂંટાયેલા જાહેર થયા છે. ૧૦૨ જેટલા સરપંચ સમરસ જાહેર થયા છે તો, ૧૫ ગામો એવા હતા કે, જયાં સરપંચ પદ માટે કોઈ ફોર્મ ભરવા જ તૈયાર થયુ ન હતું. રાજય ચૂંટણી પંચના સચિવ મહેશભાઈ જોષીએ જણાવ્યું હતું કે, રાજયભરમાં આજે ગ્રામ પંચાયતોની ચૂંટણી એકંદરે શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ છે અને કોઈ અનિચ્છનીય બનાવ બન્યો નથી. મતદારોએ ભારે ઉત્સાહ સાથે મતદાન કરતાં સાજે ચાર વાગ્યા સુધીમાં ૭૫ ટકા જેટલું ઉંચુ મતદાન નોંધાયું હતું. જે ટકાવારી પાંચ વાગ્યા સુધીના કાઉન્ટીંગ બાદ હજુ ઉંચુ જવાની પૂરી શકયતા છે.


(તસવીર : મીતેશ બંગડીવાલા)

ટ્રાફિક સપ્તાહની પૂર્ણાહૂતિ નિમિત્તે પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે સમાપન કાર્યક્રમ યોજાયો હતો.

# એમ. ટી. બી. આર્ટ્સ કોલેજમાં શતાબ્દીપર્વ ઉજવણીના ભાગરૂપે હાસ્યનો કાર્યક્રમ યોજાયો

**સુરત, તા.૦૪**
શતાબ્દીપર્વ ઉજવણીના ભાગરૂપે સાંસ્કૃતિક સમિતિના ઉપક્રમે તા. ૦૩/૦૨/૨૦૧૮ના રોજ એમ. ટી. બી. આર્ટ્સ કોલેજ, સુરતમાં સાંસ્કૃતિક સમિતિના ઉપક્રમે ટી.વી. હાસ્યકલાકાર શ્રી જગદીશચંદ્ર નાવિકનો મનોરંજન કાર્યક્રમનું આયોજન થયું હતુ. એમ.ટી.બી આર્ટ્સ કોલેજના જ પૂર્વ વિદ્યાર્થી અને હાલના સુખ્યાત હાસ્યકલાકાર જગદીશચંદ્ર નાવિકે રોજબરોજના સામાન્ય પ્રસંગોમાંથી, માનવસ્વભાવ અને વ્યવહારમાંતી હાસ્ય કેવી રીચે નિષ્પન્ન થાય છે. તે સંદ્રષ્ટાંત સમજાવી-ટૂચકાઓ દ્વારા પણ હાસ્ય ફેલાવ્યું હતું. બરોડાના પ્રખ્યાત બાંસૂરીવાદક અને રવિશંકરજી આર્ટ્સ ઓફ લિવિંગના શિબિરમાં પણ પોચાના વાંસળીવાદનથી કાર્યરત રહેતા સંદિપ, કે. પટેલે વાંસળીના મધૂર સૂરોથી વાતાવરણ સંગીતમય કર્યુ હતું. કાર્યક્રમનાં આરંભમાં ગુરુવંદના, સરસ્વતીવંદના કરી હતી. સંદિપભાઇ અને તેમના સાથી કલાકારઓ મહાત્માગાંધીને પ્રિય એવા 'વૈષ્ણવજન તો તેનેરે કહીએ..' ને પણ વાંસળી પર વગાડ્યુ હતું. વિભિન્ન શાસ્ત્રીય રાગો આધારિત ગીતો અને સંતોના ભજનોના સાથે વાંસળી અને તબલાના સથવારે વિવિદ સૂરો રેલાવ્યા હતાં. સંદિપભાઈના મંત્રમુગ્ધ વાંદસળીવાદનનો કાર્યક્રમ રસપ્રદ રહ્યો હતો.

કાર્યક્રમનાં આરંભે આચાર્ય શ્રી. ડો. મધુકર પાડવીએ મેહમાનોનો પરિચય આપી ઉષ્માંથી સ્વાગત કર્યુ હતું. આભાર વિધિ સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ ડો. મૂકેશભાઈએ કરી હતી.



દિનેશભાઇ તારાચંદ શાહના શ્રી વિમલનાથ પરમાત્માના ગૃહચૈત્યમાં ઉંમરા જૈન સંઘમાં બિરાજમાન અર્ધશતાધિક સાધુભગવંતોની પધરામણીથી પ્રભુભક્તિનો માહોલ જામ્યો હતો. (તસવીર : મીતેશ બંગડીવાલા)

# માંગરોળના હથોડા ગ્રામ પંચાયતનાં સરપંચપદ માટે શાંતિભર્યા માહોલમાં મતદાન સંપન્ન

## ૨૩૧૦ મતદારોએ ત્રણ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં સીલ કર્યુ : મંગળવારે ફેસલો

**મોસાલી, તા. ૦૪**
માંગરોળ તાલુકાના હથોડા ગ્રામ પંચાયતની સરપંચની ખાલી પડેલી જગ્યા માટે આજે તા. ૪નાં સવારે ૮ થી સાંજે ૫ કલાક, દરમિયાન મતદાન કરવામાં આવ્યું છે.



(તસવીર : નઝીર પાંડોર)

હથોડા ગ્રામ પંચાયતનાં સરપંચ પદ માટે ત્રણ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. જેમાં મુસ્તાક ઈસ્માઈલ ઝીણા, મોહમદ હુશૈન અબ્દુલ કૈયુમ આરફ અને રહેમતતુલ્લાહ ઐયુબ મુસ્તુફા હાફેજીનો સમાવેશ થાય છે. ગામનાં ત્રણ મતદાન મથકો ઉપર આજે વહેલી સવારે ૮ વાગ્યાની મતદારોની લાંબી કટારો લાગી હતી. પ્રારંભમાં ૮ થી ૧૨ વચ્ચે ૧૦૧૧ મતદારોએ પોતાનાં મત એવીએમમાં નાખી દીધા હતા. સાંજના પાંચ કલાકે, મતદાનનો સમયપૂર્ણ થતાં હથોડા ગામનાં કુલ ૨૯૪૦ મતદારોમાંથી ૨૩૧૦ મતદારોએ પોતાનાં મત્તાધિકારનો ઉપયોગ કર્યા હતો. હથોડાનાં ઐતિહાસમાં પ્રથમ વખત આટલું ઊંચુ ૭૮.૫૦ ટકા મતદાન થવા પામ્યું છે. આ ગામ અતિ સંવેદનશીલમાં આવતું હોય, મતદાનની પ્રક્રિયા શાંતિભર્યા માહોલમાં સંપન્ન થાય એ માટે કોસંબાના પીએસઆઈ તૌમર દ્વારા તમામ મતદાન મથકો ઉપર ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હતો. મતદાન પ્રક્રિયા ઉપર સતત ચાંપતી નજર માંગરોળનાં મામલતદાર અને ચૂંટણી અધિકારી કે.ડી. કોળી ખડેપગે હથોડામાં રહ્યાં હરતાં. મતદારોએ કોની પસંદગી કરી એ આગામી તા. ૬-૨-૧૮ મંગળવારે, માંગરોળ મામલતદાર કચેરી ખાતે મતગણતરી થશે ત્યારબાદ જાણી શકાશે.

# સાલૈયા ખાતે આગામી ૨૪મીએ ડો. પીર મત્તાઉદીન ચિશ્તી દ્વારા 'જીવન પર્વ'નું આયોજન

**મોસાલી, તા. ૦૪**
માંગરોળ ખાતે આવેલી મોટામિયાં બાવાની ઐતિહાસિક દરગાહનાં ગાદીપતિ હીઝ હોલીનેસ પીર સલીમુદ્દીન ચિશ્તીનાં સાંનિધ્યમાં તથા એમનાં સુપુત્ર અને ઉત્તરાધિકારી ડો. પીર મત્તાઉદ્દીન ચિશ્તીની ઉપસ્થિતિમાં આગામી તા.૨૪-૨-૧૮નાં શનિવારે સાલૈયા ગામ 'જીવન પર્વ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત તા. ૨૪નાં સાંજે ૬.૩૦ કલાકે પ્રસાદી (ભોજન) તથા રાત્રીનાં ૯.૩૦ કલાકે, પ્રાર્થના અને 'જીવન પર્વ' સંદર્ભે ડો. પીર મત્તાઉદ્દીન ચિશ્તી વકતવ્ય રજૂ કરશે. ત્યારબાદ મુલાકાત આપશે અને ભજનનો કાર્યક્રમ યોજાશે. એમ ચિશ્તી ખાનદાન ભજન મંડળ, સાલૈયા દ્વારા જણાવવામાં આવ્યું છે.

# સંતાનોને માત્ર સંપતિ જ નહીં, સંસ્કારો આપવાનું ભૂલશો નહિં : પૂ. ભવ્યકિર્તીવિજયજી

## દિનેશભાઈ તારાચંદ શાહના શ્રી વિમલનાથ પરમાત્માના ગૃહચૈત્યમાં ઉંમરા જૈન સંઘમાં બિરાજમાન અર્ધશતાધિક સાધુભગવંતોની પધરામણીથી પ્રભુભક્તિનો માહોલ જામ્યો

**સુરત, તા.૦૪**
ઉંમરા જૈન સંઘમાં બિરાજમાન આચાર્ય મેઘદર્શનસૂરિજી, આચાર્ય હંસકિર્તીસૂરિજી આદિ અર્ધશતાધિક સાધુભગવંતો દિનેશભાઇ તારાચંદ શાહના શ્રી વિમલનાથ પરમાત્માના ગૃહચૈત્યમાં પધારતાં હર્ષભેર સ્વાગત કરાયુ હતું. તમામ મુનિવરો સાથે પ્રભુભક્તિનો મસ્ત માહોલ જામ્યો હતો.

આચાર્ય મેઘદર્શનસૂરિજી તથા આચાર્ય હંસકીર્તિસૂરિજીએ માંગલીક પ્રવચનમાં જણાવ્યું કે, પશ્ચિમી સંસ્કૃતિથી સંતાનોને બચાવવા માટે ઘરમાં પરમાત્માના પધારામણા કરાવવા જોઈએ તથા કુંટુંબમાંથી એક દીક્ષા અપાવવી જોઈએ. દેવ અને ગુરૂનો સત્સંગ માનવજીવનને



ઉન્નતિના શીખરે લઈ જાય છે. પ્રભુ કૃપાથી ગુરૂનો મિલાપ થાય અને ગુરૂની કૃપા થાય ત્યારે પ્રભુ સાથે મિલન થાય છે.

પંન્યાસ ભવ્યકિર્તીવિજયજી, મુની કિર્તીઘોષવિજયજીએ 'સંતાનોને ભૂલશો નહિં' વિષય પર પ્રવચન આપતાં જણાવ્યું કે, તમારા સૌથી વ્હાલા સંતાનોની પાછળ ઓછામાં ઓછી ૧૫ મિનીટ તો અવશ્ય આપજો. સંતાનોને માત્ર સંપતિ નહીં, પરંતુ સાથે સાથે સંસ્કારો આપવાનું ભૂલશો નહિં, કેટલાક માતાપિતાઓ સંતાનોને દેવું આપીને જાય છે. જન્મ લીધો છે અને જેને જન્મ આપ્યો છે તેને સમય તો અવશ્ય આપજો તો ઘરમાં સ્વર્ગ ઉતરશે.

# જ્ઞાન અને ધ્યાન દ્વારા જ માનસિક શાંતિ પ્રાપ્ત થઈ શકશે : આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી



**સુરત, તા.૦૪**
મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત શ્રી સ્વામિનારાયણ મંદિર-સરથાણા, સુરતના પાટોત્સવ અંતર્ગત ગઈ કાલે રાત્રે 'શ્રીજીની ફીલવાડીના બાળપુષ્પો' સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતા. નાનાં-નાનાં બાળકોએ પ્રાર્થના ગીતો અને વક્તવ્ય રજુ કર્યા હતાં.

આજે 'જીવનપ્રાણ અબજી બાપાશ્રીની વાતો' ની સમબહ પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પરમ પૂજય આચાર્ય શ્રી પુરુષોત્તમ પ્રિયદાસજી સ્વામીશ્રીએ જણાવ્યું હતું કે, 'આજે દિન-પ્રતિદિન ભૌતિક શાધનો વધી રહ્યા છે. પહેલાનાં સમયમાં તમાકુંસ બીડી વગેરે વ્યસનો હતાં અને આજે પણ છે. તેમાં મોબાઈલ, કમ્પ્યૂટર, ઈન્ટરનેટના માધ્યમથી વ્હોટ્સએપ, ફેસબૂક, ટ્વીટ્રના વ્યસનોનો વધારો થયો છે. તેના પરિણામે આજનો માનવી અશાંતિનો અનુભવ કરી રહ્યો છે. આધુનિક માનવી જ્ઞાન અને ધ્યાનના માર્ગે ચાલ્યા વિના માનસિક શાંતિ અને શાશ્વત આનંદની પ્રાપ્તિ થઈ શકશે નહીં.

## જિંગા તળાવ બનાવવાના મામલે

# મંદરોઇના હળપતિ મહિલા સરપંચને 'ગામમાં રહેવું ભારે પાડી દેવાની' ધમકી મળી

**ઓલપાડ, તા. ૦૪**
ઓલપાડ તાલુકાના મંદરોઈ ગામની સરકારી જમીનમાં હાલમાં બની રહેલ ગેરકાયદેસર જિંગા તળાવ મામલે ગામના ત્રણ ઈસમોએ મહિલા હળપતિ સરપંચને જાતિ વિષયક શબ્દો સાથે ગંદી ગાળો બોલી મારવાની ધમકી આપતા મહિલા હળપતિ સરપંચે ત્રણે ઈસમો વિરૂધ્ધ એટ્રોસીટીની પોલીસ ફરિયાદ નોંધાવી છે.

વિગત મુજબ મંદરોઇ ગામના હળપતિ મહિલા સરપંચ ટીનુબેન મહેશભાઈ રાઠોડ ગામના જુના હળપતિવાસમાં રહે છે. તા. ૩ને શનિવારના રોજ બપોરના સુમારે સરપંચ ટીનુબેન રાઠોડના મોબાઈલ ઉપર ગામના ડેપ્યુટી સરપંચ સુશિલ દિનેશ પટેલે ફોનથી જાણ કરી હતી કે તલાટી શીલાબેન પટેલને ગામમાં રહેતા વિજય પરાગ પટેલ, અનિશ હસમુખ પટેલ તથા રિન્કેશ પ્રવિણ પટેલ દ્વારા ફરિયાદ મળેલ છે કે ગામની સર્વે નં. ૨૩૯ વાળી સરકારી જમીનમાં હાલ ગેરકાયદેસર જિંગા તળાવનું બાંધકામ ચાલી રહ્યું છે. જેથી તેમના પતિ મહેશ રાઠોડ, ડે. સરપંચ સાથે ફોર વ્હીલમાં બેસી ઘટના સ્થળે પહોંચ્યા, તે સમયે જિંગા તળાવ પાસે ઉભેલા ગામના સંદિપ નગીન પટેલને આ બાબતે પૂછપરછ કરતા હતા, ત્યારે આ ત્રણે ઈસમો ઘટના સ્થળે આવી હળપતિ સરપંચ સાથે ઝઘડો શરૂ કર્યો હતો. જેથી સરપંચે ત્રણેને શાંતિથી વાત કરવાનું જણાવી કહ્યું કે, જો ગેરકાયદેસર જિંગા બનતા હોય તો ગામના તલાટીને ફરિયાદ કરવાના બદલે મને ફરિયાદ કરો. તે સમયે આ ત્રણે ઈસમોએ સરપંચને જાતિ વિષયક અપમાનજનક શબ્દો બોલી, ગંદી નાલાયક ગાળો આપી હતી.

જો કે તે સમયે ડેપ્યુટી સરપંચ, સંદિપ પટેલ તથા ઘટના સ્થળે આવેલા ગામના રમણ હરિ પટેલે વચ્ચે પડી મામલો શાંત પાડ્યો હતો. પરંતુ જતી વખતે ત્રણે ઈસમોએ સરપંચને ધમકી આપી હતી કે જા તું પોલીસમાં ફરિયાદ કરશે તો તને માર મારી ગામમાં રહેવું ભારે પાડી દઈશું. જેથી આ મામલે સરપંચ ટીનુબેન રાઠોડે મોડી સાંજે ત્રણે આરોપીઓ વિરૂધ્ધ ઓલપાડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ઈપીકો કલમ-૫૦૪,૧૧૪ તથા એટ્રોસીટીની કલમો હેઠળ ગુનો નોંધી વધુ એસસી, એસટી સેલના ડીવાયએસપી કરી રહ્યા છે.

**ગામના ત્રણ શખ્સોએ જાતિ વિષયક અપમાન કરી, પોલીસ ફરિયાદ કરે તો માર મારવાની ધમકી આપી : એટ્રોસીટી એક્ટ હેઠળ ફરિયાદ નોંધાઈ**

# માંડવી પીએસઆઈની ધાક હોવા છતાં નગરમાં ૨૫૦ રૂપિયાનું કવાટરીયુ વેચાય છે!

**માંડવી, તા. ૦૪**
માંડવી પોલીસના પીએસઆઈ માલના ધાકના કારણે માંડવી તાલુકામાં છેલ્લા અઠવાડિયાથી દારૂડીયાઓને દારૂના ફાંફા પડી રહ્યાં છે. પણ કેટલાક ખોટા આક્ષેપ કરવાવાળા દારૂ વેચનાર બિંદાસ્ત દારૂ વેચી રહ્યાં છે. તેવી માહિતી દારૂવાળા જ કહી રહ્યાં છે તેઓ લેવા જાય છે એટલે ૨૫૦નું કવાટરીયુ કહેતા વગર નશાએ નશો ચઢી જાય તેવો ભાવ સાંભળતા છેલ્લે દેશી દારૂની પોટલી તરફ વળી રહ્યાં છે અને ૨૦ રૂપિયાની પોટલીનો આનંદ માણી રહ્યાં છે.

આને કારણે જો ખરાબ દેશી દારૂ આવી જાય તો લઠ્ઠાકાંડ થાય તો નવાઈ નહીં. કેટલાંક તો દારૂવાળા પોલીસમાં ખોટા નામ આપી દેવાના કારણે લખતા પણ નથી આવું જ પીએસઆઈ ચૌહાણ સાથે પણ થઈ ચૂક્યું હતું. પરંતુ ચૌહાણ તો કડક સ્વભાવના જાડો લઠ્ઠ કાઢતા ગભરાતા ન હતા, તે દારૂવાળાને ખબર ન હતી. પરંતુ આક્ષેપ કરતા તો પીએસઆઈ પર કરી દીધો પણ આ બાબત ધ્યાન પર આવતા ૧૫ થી ૨૦ દિવસ બુટલેગર ગામ છોડી સહેલગાહે ઉપડી ગયા હતા. તો આવા દારૂ વેચવાવાળાઓની શાન ઠેકાણે લાવવી જરૂરી છે. તેઓ તે એટલું પણ કહે છએ કે ઉપર સુધી સેટીંગ છે. એટલે મને કેઈ થયાવનું નથી તો શું માંડવીનાં પીએસઆઈ માલ આવા શાન ઠેકાણે લાવશે ખરા અને નગરમાં જુગારની બે ઓફિસો પણ ચાલે છે. તે પણ બંધ કરાવવી જરૂરી બની છે. હવે એ જોવનું રહ્યું કે, પીએસઆઈ બંધ કરાવશે કે નહીં.

**છ દિવસથી દબાણના કારણે તાલુકામાં દારૂ નથી પણ નગરમાં કેટલાક બુટલેગરો બિન્દાસ્ત દીરૂ વેચે છે : દારૂ ઉપરાંગ જુગાર પણ બંધ કરવો જરૂરી**

# ઓલપાડના ઐતિહાસિક સિધ્ધનાથ મહાદેવ મંદિરમાં ચોરી થયેલ નાગ તથા છત્તર મળી આવ્યા

## તસ્કરોએ મંદિરમાંથી ચોરેલા નાગદેવતા તથા શિવલિંગનું છત્તર મંદિર નજીકના ખેતરની કેનાલમાંથી મળી આવ્યા

**ઓલપાડ,તા-૦૪**
ઓલપાડ કોર્ટના વહીવટી તાબા હેઠળના સરસ ગામના પ્રાચીન ઐતિહાસિક સિધ્ધનાથ મહાદેવ મંદિરમાંથી તસ્કરોએ રૂ.૧,૯૩,૩૦૦ ની કિંમતના ચાંદી-પંચધાતુના ઘરેણા ઉઠાવી જવાના ગુનાની ફરિયાદમાં પોલીસને મંદિર નજીકના ખેતરની કેનાલમાંથી નાગદેવતા સહિત શિવલિંગનું છત્તર મળી આવ્યું હોવાનું જણાવ્યું છે.

વિગત મુજબ બુધવારની મધરાત બાદ મળસ્કે ૩:૩૦ કલાકના સુમારે તાલુકાના સરસ ગામના સિધ્ધનાથ મહાદેવ મંદિરમાં ઘુસેલા ૨૫ થી ૩૫ વર્ષની ઉમરના બે અજાણ્યા તસ્કરોએ મંદિરમાંથી રૂ.૧,૯૩,૩૩૦ ની કિંમતના કિંમતી દાગીનાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા.આ મામલે ઓલપાડ પોલીસે અજાણ્યા તસ્કરો સામે ચોરીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.જા કે મંદિર નજીક આવેલ તેજસ હરિભાઈ પટેલ તેમના ખેતરમાં કામ અર્થે જતા હતા,ત્યારે તેમણે ખેતર નજીકની કેનાલની ઝાડી-ઝાંખરીમાં નાગદેવતા તથા છત્તર નિહાળતા તેમણે પોલીસને જાણ કરી હતી.જેથી ઘટના સ્થળે પહોંચેલ પીએસઆઇ ભૂપતસિંહ વાઘેલાની પોલીસ ટીમે કેનાલના પાણીમાંથી પંચધાતુના નાગદેવતા,જેની કિંમત રૂ.૯૮૦૦ તથા શિવલિંગ ઉપર ચઢાવેલ પંચધાતુનું છત્તર,જેની કિંમત રૂ.૧૫૦૦ કબજે લીધા હતા.જા કે મંદિરમાંથી ચોરાયેલ શિવલિંગ ઉપર બિરાજમાન ચાંદીનું કિંમતી મુખ સહિત અન્ય કિંમતી દાગીનાઓ ન મળતા પોલીસ સીસીટીવી કેમેરાના આધારે તસ્કરોનું પગેરૂં શોધી રહી હોવાનું જણાવ્યું છે.

# ઈસનપોરનો ખેડૂત પુત્ર નિર્મલ પટેલ આંતરરાષ્ટ્રીય યોગા સ્પર્ધા ઝળક્યો

## મલેશિયા ખાતે યોજાયેલી છઠ્ઠી ઈન્ટરનેશનલ યોગા કોમ્પીટેશનમાં સુરતના યશ પારેખને ગોલ્ડ, જ્યારે નિર્મલ પટેલે ગોલ્ડ અને સિલ્વર મેડલ મેળવી દેશનું નામ રોશન કર્યું

**ઓલપાડ, તા. ૦૪**
સુરત જિલ્લાના બે યુવાનોએ મલેશિયા ખાતે યોજાયેલી છઠ્ઠી ઈન્ટરનેશનલ યોગા સ્પર્ધામાં ગોલ્ડ અને સિલ્વર મેડલો જીતી ભારતનો ડંકો વગાડતા સુરત શહેર સહિત ઓલપાડ તાલુકાનું નામ રોશન કરતા બંન્ને યુવાનો અભિનંદનને પાત્ર બન્યા છે.


(તસવીર : નિલેશ પટેલ)

વિગત મુજબ ગત તા-૨૭ અને ૨૮ જાન્યુઆરીના રોજ મલેશિયા ખાતે છઠ્ઠી ઈન્ટરનેશનલ યોગા કોમ્પીટેશન યોજાતા આ સ્પર્ધામાં ભારત સહિત ૯ દેશના ૨૫૦ જેટલા યોગ સ્પર્ધકોએ જુદા-જુદા ઈવેન્ટમાં ભાગ લીધો હતો.જ્યારે ગુજરાતના ૨૫ સ્પર્ધકો પૈકી અમરોલી (સુરત)માં રહેતા યશ પારેખ તથા ઓલપાડ તાલુકાના ઈસનપોર ગામના નવાપરા ફળિયામાં રહેતા તળપદા કોળી પટેલ સમાજના ખેડૂત અનિલભાઈના પુત્ર નિર્મલ પટેલે આર્ટિસ્ટ્રીક પેર તથા વ્યકિતગત યોગ સ્પર્ધામાં ભાગ લીધો હતો.આ સ્પર્ધામાં બંન્ને યુવાનોએ વિશ્વના અન્ય દેશના ખેલાડીઓને પછાડી ભારતનો ડંકો વગાડી ગોલ્ડ મેડલ તથા નિર્મલ પટેલે વ્યક્તિગત યોગ સ્પર્ધામાં વધારોના સિલ્વર મેડલથી વિજેતા બનતા મલેશિયા દેશના સ્પોર્ટ મિનિસ્ટરના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા.જેના પગલે ભારત દેશ સહિત ઓલપાડ તાલુકાનું ઈસનપોર ગામ વિશ્વના તખ્તા ઉપર છવાતા દેશનું નામ રોશન કર્યું છે.જ્યારે નિર્મલ પટેલની ગૃહિણી માતા ભાવનાબેન તથા ખેતી કરતા પિતા અનિલ પટેલ અને વયોવૃધ્ધ દાદા જમુભાઈએ નિર્મલને આશિર્વાદ આપી આનંદ વિભોર સાથે જણાવ્યું કે તેમનો પુત્ર ભણવામાં પહેલેથી જ હોંશિયાર હતો.જ્યારે ધો-૬ ના અભ્યાસ દરમ્યાન શાળામાં યોજાયેલ યોગ સ્પર્ધાથી પ્રેરાઈ શિક્ષણની સાથે યોગ અભિરૂચી હોવાના કારણે સતત પ્રેકટીશ કરી તાલુકા-જિલ્લા,પ્રાંત,રાજ્ય સહિત દેશ-વિદેશમાં યોજાયેલી વિવિધ યોગ સ્પર્ધામાં અનેક મેડલો,ટ્રોફી,સન્માનપત્ર હાંસલ કરી ભારત દેશ સહિત અમારૂં ગૌરવ વધારવા બદલ આનંદ અનુભવીએ છીએ.જ્યારે સમાજના અન્ય યુવકો પણ શિક્ષણ સાથે રમત-ગમત ક્ષેત્રે દેશનું નામ રોશન કરે તેવો સંદેશો આપીએ છીએ.

# માંગરોળ વિનયન કોલેજ ખાતે સ્પેનિસ લેંગ્વેજીસ કોર્ષનું આયોજન

## પ્રવાસન વિભાગ તથા યુરોપીયન યુનિયન સર્ટીફાઈટ પ્રમાણપત્ર અપાશે


(તસવીર : નઝીર પાંડોર)

**મોસાલી, તા. ૦૪**
માંગરોળ વિધાનસભાનાં ધારાસભ્ય અને રાજ્યનાં વન તથા પ્રવાસન વિભાગનાં કેબીનેટ મંત્રી ગણપતસિંહ વસાવા પ્રવાસન વિભાગ તથા એચ.કે. સ્કૂલ ઓફ ફોરેન લેંગ્વેજીસ સંસ્થા દ્વારા, માંગરોળ તાલુકામાં વેલાવી (વાંકલ) ખાતે આવેલ સરકારી વિનયન કોલેજ ખાતે પાંચ દિવસનાં સ્પેનિસ લેંગ્વેજીસ કોર્ષનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ટ્રેનીંગ દરમિયાન વિદ્યાર્થીઓને સ્પેનિસ, અંગ્રેજી જેવી ફોરેન લેંગ્વેજીસ ભાષાઓ શીખવવામાં આવી રહી છે. ઉપરોક્ત સંસ્થાનું યુરોપિયન કાઉન્સિલ તથા બ્રિટીશ કાઉન્સિલ સાથે જોડાણ થયેલ છે. જે વિદ્યાર્થીઓ આ કોર્ષમાં જોડાયા છે. એમને યુરોપ અને બ્રિટનના તમામ દેશોનાં વિઝા મેળવવામાં ખૂબ જ સરળતા રહે છે. આ વિદ્યાર્થીઓને રાજ્યનાં પ્રવાસન વિભાગ તથા યુરોપીયન યુનિયન સર્ટીફાઈડ પ્રમાણપત્ર આપવામાં આવશે. જેથી આ પ્રમાણપત્ર વિદ્યાર્થીઓ માટે અતિ મહત્ત્વનું પુરવાર થશે. કોલેજનાં આચાર્ય રવિકાન્ત સોલંકી તથા ટ્રેનીંગના સંયોજક પ્રો. તુષાર ચૌધરીએ આ કોર્ષનાં આયોજન માટે વન અને પ્રવાસન વિભાગનાં મંત્રી ગણપતસિંહ વસાવાનો આભાર વ્યકત કર્યો છે.

# આહિર સમાજના સમહલગ્ન અંતર્ગત ભારે વાહનો માટે એક દિવસીય પ્રતિબંધ

**સુરત, તા. ૦૪**
તા.૦૫-૦૨-૨૦૧૮ના રોજ સુરત શહેરમાં સમસ્ત આહિર સમાજ દ્વારા ૫૦૨ નવયુગલોના સમૂહલગ્નનું વિશાળ આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ દરમ્યાન આમ જનતાની સુરક્ષા તથા વ્યવસ્થા અને સલામતિ હેતુસર પોલીસ કમિશનર સુરત શહેરનાઓ સાથે થયેલ પરામર્શ મુજબ દિન-૦૧ માટે નીચે મુજબ વ્યવસ્થા કરવામાં આવે છે.

ભારે માલ વાહક વાહનોને પ્રવેશ, હેરફેર અને પાર્કિંગ ઉપર કડોદરા ચાર રસ્તાથી શહેરમાં પ્રવેશતા વાહનોને તેમજ ઉધના-લીંબાયતને જોડતા અન્ય માર્ગોથી પ્રવેશતા ભારે માલવાહક વાહનોને તા. ૦૫-૦૨-૨૦૧૮ના રોજ કલાક-૧૧ : ૦૦થી કલાક-૨૩ : ૦૦ સુધી અન્ય માર્ગોનો ઉપયોગ કરી વ્યવહારું પ્રતિબંધ લાદવામાં આવે છે. આ પ્રતિબંધમાં ઉપરોક્ત સમૂહલગ્નના કામે આવતા વાહનોને લગ્ન સ્થળ સુધી આવવા-જવા કોઈ બાધ રહેશે નહીં. તેમજ અગત્યની સેવા અને ઈમજન્સીના કામના વાહનોને પણ કોઈ બાધ રહેશે નહીં.

ખાનગી લક્ઝરી બસોને ઉપર જણાવ્યા મુજબનો પ્રતિબંધમાંથી સમૂહલગ્નના કાર્યક્રમમાં અવર-જવર કરવા પુરતી કાર્યક્રમ સ્થળ સુધી જતા-આવતા માગો ઉપર પ્રવેશ અને હેરફેર માટે વિશાળ સામાજિક હિતને ધ્યાને લેતા પ્રવેશ અને હેરફેર માટે પરવાનગી આપવામાં આવે છે.



અંકલેશ્વરની સન ફાર્મા કંપનીમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. (તસવીર : ઉમેશ ગાંધી)

# અંકલેશ્વરની સન ફાર્મા કંપનીના સોલવન્ટ રિકવરી પ્લાન્ટમાં ભીષણ આગ ફાટી નીકળી

## જવલનશીલ કેમિકલ્સનાં ડ્રમો પણ ધડાકા સાથે ઉછળતા મધરાતે દહેશતનો માહોલ સર્જાયો, પાનોલી, ઝઘડિયા, દહેજ, ભરૂચ, કોસંબાથી ફાયર બ્રિગેડ બોલાવાઇ : કોઇ જાનહાની નહી

**અંકલેશ્વર તા. ૦૪**

અંકલેશ્વર ઔધોગિક વસાહતમાં જીવન રક્ષક દવાઓનું ઉત્પાદન કરતી સન ફાર્માસ્યુટિકલ્સ ઈન્ડસ્ટ્રીઝ લી.માં મધ્ય રાત્રિએ અચાનક ભીષણ આગ લાગી હતી, અને આગમાં જવલનશીલ કેમિકલ્સનાં ડ્રમો પણ ધડાકા ભેર ઉછળતા દહેશતનો માહોલ સર્જાય ગયો હતો.

અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતનાં પ્લોટ નંબર ૪૭૦૮ ખાતેની સન ફાર્માસ્યુટિકલ્સ ઈન્ડસ્ટ્રીઝ લી.માં મધ્યરાત્રિનાં ૧ વાગ્યાની આસપાસ અચાનક આગની ઘટના બની હતી. જાણવા મળ્યા મુજબ કંપનીનાં સોલવન્ટ રિકવરી પ્લાટમાં આગ લાગી હોવાથી અત્યંત જવલનશીલ કેમિકલ્સનાં ડ્રમો પણ આગમાં ધડાકા ભેર ઉછાળ્યા હતા.

ઘટના અંગેની જાણ અંકલેશ્વર નોટીફાઈડ એરિયા ડીપીએમસી ફાયર સ્ટેશનમાં કરવામાં આવતા લાશ્કરો લાયબંબાની ચિચિયારીઓ સાથે ઘટના સ્થળ પર દોડી આવ્યા હતા, અને આગ પર કાબુ મેળવવાનાં પ્રયત્નો શરુ કર્યા હતા. પરંતુ આગ વધુને વધુ બેકાબુ બનતા પાનોલી, ઝઘડીયા, દહેજ, ભરૂચ તેમજ કોસંબા થી પણ ફાયર લાશ્કરોને મદદે બોલાવવામાં આવ્યા હતા. અંકલેશ્વર ડીપીએમસીનાં મેનેજર મનોજ કોટડીયાએ જણાવ્યુ હતુ કે મધ્યરાત્રિએ સન ફાર્મમાં લાગેલી આગ બે કલાકની જહેમત બાદ કાબુમાં આવી હતી અને ઘટનામાં કોઇ જાનહાની પહોંચી નથી. આ ઘટનાની ગંભીરતા પારખીને અંકલેશ્વર પ્રાંત અધિકારી રમેશ ભગોરા,મામલતદાર પણ દોડી આવ્યા હતા, અને સાવચેતી અંગેનાં જરૂરી સૂચનો કર્યા હતા. જ્યારે અંકલેશ્વર જીઆઇડીસી પોલીસ મથકનાં પીઆઇ આર.કે.ધુળીયા સહિતનો પોલીસ કાફલો પણ દોડી આવીને સુરક્ષાનાં ભાગરૂપે માર્ગ પરનો વાહન વ્યવહાર બંધ કરીને જરૂરી કાર્યવાહી હાથધરી હતી.

ઉલ્લેખનીય છે કે સન ફાર્માનાં સોલવન્ટ રિકવરી પ્લાન્ટમાં આગને કારણે આગ ખુબજ બેકાબુ બની હતી, જો કે સદનસીબે કોઇ જાનહાની ન પહોંચતા સૌએ રાહતનો શ્વાસ લીધો હતો. પરંતુ આગથી કંપનીમાં મોટી નુકશાનીનો અંદાજ લગાવાય રહ્યો છે. આ અંગે ભરૂચ ડેપ્યુટી ડાયરેક્ટર ઓફ સેફટી એન્ડ હેલ્થ વિભાગ દ્વારા આગ લાગવા પાછળ કયુ કારણ જવાબદાર છે, તે અંગેની તપાસનાં ચક્રો ગતિમાન કર્યા છે.

# અંકલેશ્વરના સંજાલીના ગ્રામજનો દ્વારા કેમિકલ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટનો ઉગ્ર વિરોધ

(તસવીર : ઉમેશ ગાંધી)



**અંકલેશ્વર તા. ૦૪**

અંકલેશ્વર તાલુકાના સંજાલીના ગ્રામજનો દ્વારા એક કિલોમીટર દુર આવેલ પાનોલી જીઆઇડીસીની કેમિકલ કમ્પનીઓ દ્વારા ઉત્પન્ન થતો સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ બનાવવા સામે ભરૂચ કલેકટરને રજૂઆત કરી હતી.

ગ્રામજનોએ એવી પણ રજૂઆત કરી હતી કે આ ઔધોગિક વસાહતના કારણે સંજાલી સહિત આજુબાજુના ગામોમાં દુર્ગંધ યુક્ત ગેસ છોડાતા માનવ સમૂહ પર ગંભીર અસર થઇ રહી છે. સાથે જ બાકરોલ અને સંજાલી ગામની જમીનોમાં બોરવેલ કરવામાં આવે ત્યારે બોરવેલમાં કેમિકલ યુક્ત પાણી નીકળે છે અને મુખ્યત્વે લાલ કલરનું પાણી જોવા મળે છે. જોકે આવી જ રીતે સોલીડ વેસ્ટ કંપની જો ઉભી થાય તો પરિસ્થિતિ વધુ બગડે એમ છે. જો કે ગામની અને ગામની નજીકમાં અનેક સંસ્થાઓ જેમકે સ્કૂલ, કોલેજ અને હોસ્પિટલ પણ આવેલ છે અને આ કંપની આવવાથી જલ, ભૂમિ, હવાનું પ્રદુષણ વધુ વધે, જેથી લોકોના સ્વસ્થ સાથે અખતરા ન કરવા ભરૂચ કલેકટરને રજૂઆત કરી હતી.

**લોકોના સ્વસ્થ સાથે અખતરા ન કરવા ભરૂચ કલેકટરને રજૂઆત કરી**

# અંકલેશ્વરમાં વિદેશી દારૂ ઝડપાયાની ઘટનામાં મહિલા બુટલેગર સહિત ૩ ઝડપાયા

## ઝડપાયેલ એક શખ્સ બે વર્ષ માટે ભરૂચ, વડોદરા, નર્મદા, સુરત, અને આણંદ જિલ્લામાંથી તડીપાર હોવા છતા દારૂનો વેપલો કરતા હતો

**અંકલેશ્વર, તા. ૦૪**

અંકલેશ્વર શહેર પોલીસે બોરભાઠા રોડ પર ઈકો કારમાંથી ઝડપાયેલ ઈંગ્લીશ દારૂ પ્રકરણમાં ૩ વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. જેમાં એક આરોપી ૨ વર્ષ માટે જિલ્લા બહાર તડીપાર કરાયો હતો. ઈકો ગાડી મળી કુલ ૩.૨૦ લાખ ઉપરાંત નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તડીપાર હોવા છતા ઈકો કારમાં વિદેશી દારૂ હેરાફેરી કરતો હતો. કિમની સંધ્યા પટેલ નામની મહિલા બુટલેગર પાસે વિદેશી જથ્થો લાવ્યો હોવાનું બહાર આવતા પોલીસે તેમની પણ ધરપકડ કરી હતી.

અંકલેશ્વર બોરભાઠા રોડ પર તારીખ ૨જી ફેબ્રુઆરીનાં રોજ ઈકો ગાડીમાં વિદેશી દારૂનો વિપુલ જથ્થો લાવવામાં આવી રહ્યો હોવાની બાતમીને આધારે પોલીસે વોચ ગોઠવી હતી. ઈકો કાર આવતા પોલીસે તેને રોકી તલાસી લેતા કાર માંથી ઈંગ્લીશ દારૂની નાની મોટી બોટલ તેમજ બિયરનાં ટીન મળી કુલ ૯૩૬ બોટલ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. કુલ ૧ લાખ ઉપરાંતનાં રૂપિયા ઈંગ્લીશ દારૂ સાથે આદિલ મીનુ

(તસવીર : ઉમેશ ગાંધી)



અંકલેશ્વરીયાની પોલીસે ધરપકડ કરી હતી. તમેજ ઈકો કાર મળી કુલ ૩ લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.પોલીસે પ્રાથમિક પૂછપરછમાં પાંજરાપોળનાં લાલા સોમાભાઇ વસાવા અને અન્ય ચિરાગ પ્રજાપતિનું નામ ખુલતા બંનેને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ આરંભી હતી. દરમિયાન લાલા વસાવા તેના ઘરે આવ્યો હોવાની બાતમી મળી હતી. જેનાં આધારે તેના ઘરે પોલીસે દરોડા પાડતા લાલા વસાવા તેમજ ચિરાગ પ્રજાપતિ ઝડપાઇ ગયા હતા. તેમની ઉલટ તપાસમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો કિમ સુરત ખાતે સંધ્યા પટેલ પાસેથી મેળવ્યો હોવાનું ખુલતા પોલીસે તેની પણ ધરપકડ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે લાલ વસાવાને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા ગત તારીખ ૧૩મી નવેમ્બર ૨૦૧૭નાં રોજ ભરૂચ, વડોદરા, નર્મદા, સુરત, અને આણંદ જિલ્લા માંથી ૨ વર્ષ માટે તડીપાર કરવામાં આવ્યો હતો. તેમ છતાં ઈકો કારમાં ઈંગ્લીશ દારૂ હેરફેર કરી રહ્યો હતો. અને તડીપાર હોવા છતાં તેના ઘરે આવતા જ પોલીસે તેને ઝડપી પાડ્યો હતો. અને તમામ આરોપી રીમાન્ડની તજવીજ આરંભી હતી.

# અંકલેશ્વરની ત્રણ ગ્રામ પંચાયતોની પોલીસ બંદોબસ્ત સાથે સામાન્ય ચૂંટણી યોજાઇ

**અંકલેશ્વર તા. ૦૪**

અંકલેશ્વર તાલુકાની ૫ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીમાં ૨ ગામ ઉછાલી અને મોતાલી ગ્રામ પંચાયત સમરસ બની હતી. માટીએડમાં ૬ વોર્ડ બિન હરીફ થયા હતા. તેમજ ૧ સરપંચ અને ૨ વોર્ડની ચૂંટણી યોજાઇ હતી. બોરીદ્રામાં ૧ સરપંચ અને ૮ વોર્ડની ચૂંટણી યોજાઇ હતી.

જુના બોરભાઠા બેટ ગ્રામ પંચાયતમાં ૩ વોર્ડ બિન હરીફ થયા હતા. જ્યારે સરપંચ માટે ૩ અને ૭ વોર્ડ માટે ૧૪ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ યોજાયો હતો. જ્યારે અંદાડા ગામે સરપંચ માટેની પેટા ચૂંટણી યોજવામાં આવી હતી.ચૂંટણીની ૬ ફેબ્રુઆરીએ ગણતરી યોજવામાં આવશે. ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે મતદાન પ્રક્રિયા યોજાઇ હતી.

# અંકલેશ્વરમાં મોબાઇલ શોપમાં તસ્કરો ત્રાટકયા, રૂપિયા ૧.૭૬ લાખની માલમત્તાની ચોરી

**અંકલેશ્વર તા. ૦૪**

અંકલેશ્વરના સ્ટેશન રોડ પર આવેલ મોબાઇલ શોપમાં તસ્કરોએ ત્રાટકી રૂપિયા ૧.૭૬ લાખની માલમત્તાની ચોરી કરી ફરાર થઇ ગયા હતા જો કે ચોરી કરતો તસ્કર દુકાનમાં લગાવાયેલ સીસીટીવી કેમેરામાં કેદ થયો હતો

અંકલેશ્વરના સ્ટેશન રોડ પર આવેલ મોબાઇલ શોપમાં ગત રાત્રીના તસ્કરો ત્રાટક્યા હતા.ગત રાત્રીના દુકાન માલિક શબ્બીર મોતીવાલા દુકાન બંધ કરી ગયા બાદ તસ્કરોએ તેમની મોબાઇલ શોપને નિશાન બનાવી શટર ઉંચુ કરી દુકાનમાંથી વિવિધ કંપનીના ૧૩ નંગ મોબાઇલ સહીત મોબાઇલ એસેસરી અને રોકડા રૂપિયા ૫૬ હજાર મળી કુલ રૂપિયા ૧.લાખ ૭૬ હજાર ના માલમત્તાની ચોરી કરી ફરાર થઇ ગયા હતા.ચોરી કરતો એક તસ્કર દુકાનમાં લગાવવામાં આવેલ સીસીટીવી કેમેરામાં કેદ થયો હતો,બનાવ અંગે અંકલેશ્વર શહેર પોલીસે ફરિયાદ નોધી વધુ તપાસ હાથ ધરી છે.

# અંકલેશ્વર ખાતે શ્રી યુવા મિત્ર મંડળ દ્વારા રકતદાન શિબિર યોજાઇ



(તસવીર : ઉમેશ ગાંધી)

**અંકલેશ્વર તા. ૦૪**

અંકલેશ્વર જીઆઇડીસી શ્રી યુવા મિત્ર મંડળ દ્વારા સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

અંકલેશ્વરમાં સેવાકીય પ્રવૃતિઓ થકી પોતાની આગવી ઓળખ ધરાવતા શ્રી યુવા મિત્ર મંડળ દ્વારા રકતદાન શિબિર સતત શરુ રાખી છે, અને દર ત્રણ મહિને યોજાતા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન તારીખ ૪ ફેબ્રુઆરી રવિવારનાં રોજ આયોજન કરવામાં આવ્યુ હતુ.

અંકલેશ્વર જીઆઇડીસી માનવ મંદિરનાં સત્સંગ હોલ ખાતે ભરૂચ રેડ ક્રોસ બ્લડ બેંકના સહયોગ થી યોજાયેલ રક્તદાન શિબિરમાં મહિલાઓ સહિત યુવાનોએ મોટી સંખ્યામાં રક્તદાન કરીને શિબિરને સફળ બનાવી હતી.જ્યારે શ્રી યુવા મિત્ર મંડળનાં સભ્યોએ પણ ભારે જહેમત ઉઠાવીને સેવાકીય પ્રવૃત્તિને વેગવંતી રાખી હતી. આ પ્રસંગે યુવા મિત્ર મંડળનાં પ્રમુખ હિંમત દેવાણી, ઉપપ્રમુખ કાંતિ દૂધાત, મયુર કોટડીયા, પ્રોજેક્ટ ચેરમેન ધર્મેશ ડોબરીયા, સહિત યુવા મિત્ર મંડળનાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# ભાવનગરમાં ટ્રાવેલ્સન ધંધાથી કૌટુંબિક ભાઈએ વચ્ચે મારામારી

**ભાવનગર, તા. ૦૪**

ભાવનગરમાં ટ્રાવેલ્સનો ધંધો કરતાં કૌટુંબિક ભાઈએ વચ્ચે પેસેન્જર લેવા બાબતે મારામારી થતાં બને પક્ષોએ પથ્થરમારો, સોડા બોટલનો ઘા કરી ઈજાઓ પહોંચાડી હતી. પોલીસે રાયોટીંગનો ગુનો નોંધી ૧૨ શખ્સોની ધરપકડ કરી છે.

શહેરનાં નવતરા વિસ્તારમાં કેસરબાઈ મસ્જિદ પાસે માહિડા પરિવારના કૌટુંબિક ભાઈએ ઓ ટ્રાવેલ્સનો ધંધો કરે છે. બંનેની નજીકમાં જ ઓફિસો આવેલી છે. દરમિયાન પેસેન્જર ભરવા બાબતે બંને જૂથ વચ્ચે ઉગ્ર બોલાચાલી થયા બાદ મામલે મારામારી થઈ હતી હતી. છૂટા પથ્થરો અને સોડાબોટલોનો ઘા જતાં પરિસ્થિતિ તંગ બની હતી. બનાવની જાણ થતાં જ શહેરનાં પાંચેય ડીવીઝનોનાં પોલીસ ઈન્સ્પેક્ટર સહિતનો પોલીસ કાફલો દોડી ગયો હતો અન ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેતાં પરિસ્થિતિ વકરતા અટકી ગઈ હતી. આ બનાવ અંગે અબ્દુલભાઈ દાદાભાઈ મહિડાએ એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં કાદર અલીભાઈ મહિડા, હાબીદ કાદરભાઈ મહિડા, જુબેર અબ્બાસભી સરવૈયા, ફારૂક રસુલભાઈ ચૌહાણ, અમીન રસુલભાઈ ચૌહાણ અને હનીફ કાદરભાઈ ચૌહાણ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. જ્યારે સામા પક્ષે કાદરભાઈ અલીભાઈ મહિડાએ અબ્દુલ દાદાભાઈ મહિડા, ઈકબાલ મહિડા, જબીર મહિડા અને યાસીન ઈબ્રાહિમ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બંને પક્ષનાં સહિત કુલ ૧૨ શખ્સોની ધરપકડ કરી તપાસ હાથ ધરી છે.

# ભાવનગરમાં માર્ગ સલામતી કામગીરી માટે શિશુવિહાર સંસ્થાનું સન્માન કરાયું

(તસવીર : વિપુલ હિરાણી)



**ભાવનગર, તા. ૦૪**

માર્ગ સલામતી વિષયે બાળ વયથી જાગૃતિ લાવવાના શિશુવિહારના પ્રયત્નોનું સન્માન કરવામાં આવ્યું. ભાવનગર મોટર સંઘના સ્થાપક ઈન્દુભાઈ ચાતુર્વેદીની સ્મૃતિમાં શિશુવિહાર સંસ્થામાં તૈયાર થયેલ ટ્રાફિક પાર્કમાં વર્ષ ૨૦૧૭માં ૧૯૦ શાળાના ૯૩૨૯ બાળકોએ ટ્રાફિક પાર્કમાં આવી માર્ગ સલામતી વિષયે પ્રત્યક્ષ જાણકારી મેળવેલ છે. બાળ વયથી વિદ્યાર્થીઓમાં સલામત વાહન ચાલન અંગે જાગૃતિ આવે તે માટે સંસ્થા દ્વારા રોડ સેફટી વિષયે ચિત્ર સ્પર્ધા યોજીને કેલેન્ડર તૈયાર કરવામાં આવેલ. તેમ વર્ષ ૨૦૧૭માં મકરસંક્રાંતિ પર્વ આસપાસ કાચદોરીથી થતાં અકસ્માતનો નિવારણ માટે ૮૦૦૦ નેક બેલ્ટનું વિતરણ કરવામાં આવેલ. શિશુવિહારના પ્રયત્નોને આવકારતા જિલ્લા ટ્રાફિક પોલીસ વિભાગનાં અધિકારી અંકિતભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં સિદ્ધિ વિદ્યાપીઠ સંકુલમાં યોજાયેલ કાર્યક્રમમાં શિશુવિહારનું સન્માન કરવામાં આવ્યું હતું.



અંકલેશ્વરની ત્રણ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાઈ હતી. (તસવીર : ઉમેશ ગાંધી)

# અંકલેશ્વર : પરિવારથી વિખૂટાં પડેલ અસ્થિર મગજના યુવાનનું પરિવાર સાથે મિલન

## હાઈવે પર અકસ્માતનો ભોગ બન્યા બાદ બે વર્ષથી ભરૂચની હોસ્પિટલમાં સારવાર હેઠળ હતો : ભરૂચની સેવાયજ્ઞ સમિતિ અને રાકેશ ભટ્ટની મહેનત રંગ લાવી

**અંકલેશ્વર તા. ૦૪**

આ અંગેની મળતી વિગતો અનુસાર તા. ૧૧/૧૦/૧૬ના રોજ નેશનલ હાઈવે પર ભરૂચના નબીપુર પોલીસ સ્ટેશનની હદમાંથી એક ૨૦ વર્ષીય યુવાનને કોઇક અજાણ્યો વાહન ચાલક અડફેટે લઇ ભાગી ગયેલ જેમાં ઈજા પામનાર યુવાનને નબીપુર પોલીસ દ્વારા અકસ્માતનો ગુનો દાખલ કરી સારવાર અર્થે ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ખસેડેલ હતો. યુવાનને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી, અને તે કંઈ બોલી શકતો ન હતો. આ બાબતની જાણ ભરૂચ સિવિલમાં સેવા પુરી પાડતી સેવાયજ્ઞ સમિતિના રાકેશ ભટ્ટને થતા તેમણે યુવાનને ભરૂચની એક ખાનગી હોસ્પિટલમાં માથાની સર્જરી કરાવી અને ત્યાર બાદ તેને ભરૂચની પટેલ વેલ્ફર હોસ્પિટલમાં વધું સારવાર અર્થે મોકલેલ અને ત્યાં લગભગ દોઢ વર્ષ ડોક્ટરોની દેખરેખમાં રહયો હતો. જેનો સંપૂર્ણ ખર્ચો સેવાયજ્ઞ સમિતિ દ્વારા આપવામાં આવ્યો હતો.

(તસવીર : ઉમેશ ગાંધી)



રાકેશ ભટ્ટની મહેનત ત્યારે રંગ લાવી કે જ્યારે તેની સામેના બીજા બેડ પર દાખલ દર્દીને મુલાકાત અર્થે આવેલ મૌલવીએ આ યુવાનને ઓળખી કાઢેલ અને કહ્યું હતું કે આ યુવાન અંકલેશ્વરનો રહીશ છે. અને તેનો ફોટો મોબાઈલમાં પાડી તેના પરિવારજનોને બતાવતા હાં આતો અમારો અફરાન છે.અને વર્ષો થી ગુમ ની જાણ થતાંજ પરિવાર જનોની આંખો હર્ષ થી ઉભરાઇ ગઇ હતી. અને તેના પરિવારના લોકો પટેલ વેલ્ફર હોલ્બિટલ પહોંચી તેની જોઇ ઓળખી કાઢી તેનું નામ અફરાન આફતાબ આલમ, અંકલેશ્વર, જીઆઇડીસી ડેપો સામે આવેલી રોશન પાર્કમાં રહેતો હોવાનું જણાવ્યું હતું. અફરાનની દિમાગી હાલત નાનપણથીજ ઠીક ન હોય તે ઘરેથી કોઇને કહ્યા વગર જ નીકળી ગયો હતો. જે બે વર્ષ બાદ મળતા પરિવાર જનોની ખુશીનો કોઇ પાર રહ્યો ન હતો. અફરાનને આજ રોજ તેના પરિવારજનો ઘરે લઇ ગયા હતા, તેમજ સેવાયજ્ઞ સમિતિ અને રાકેશ ભટ્ટ અને તેમની ટીમનો આભાર માન્યો હતો.

# નેત્રંગ તાલુકાના જીવાદોરી સમાન ત્રણ ડેમોમાં પાણીના જથ્થામાં ઘરખમ ઘટાડો

**અંકલેશ્વર તા. ૦૪**

ભરૂચ-નર્મદા જીલ્લાના વનવાસી વિસ્તારમાં આવેલા નેત્રંગ તાલુકની ગરીબ પ્રજાની જીવાદોરી સમાન બલડવા, પીંગોટ અને ધોલી ડેમમાં પાણીના સ્તરમાં ઘરખમ ઘટાડો થઇ રહ્યો છે. મળતી માહિતી મુજબ બલડવા ડેમમાં ૧૪૧.૨૩ મીટર, પીંગોટ ડેમમાં ૧૩૯.૫૩ મીટર અને ધોલી ડેમમાં ૧૩૪.૬૦ મીટર જેટલું પાણીનું સ્તર રહેલું છે, જેમાં સમયાંતરે ત્રણેય ડેમમાંથી ૪ થી ૬ સે.મી જેટલું પાણીના સ્તરમાં સતત ઘટાડો થઇ રહ્યો છે. જેથી નેત્રંગ તાલુકા સહિત આજુબાજુના વિસ્તારમાં વસવાટ કરતી પ્રજાને આગામી સમયમાં ભારે હાલાકીનો સમાનો કરવો પડે તેમ છે.

(તસવીર : ઉમેશ ગાંધી)



જયારે બીજી બાજુએ નેત્રંગ તાલુકાની પ્રજાની જીવાદોરી સમાન બલડવા, પીંગોટ અને ધોલીમાં પાણીના સ્તરમાં થઇ રહેલા સતત ઘટાડાને પગલે આમ પ્રજા ચિંતાતુર જણાય રહી છે. જેમાં આગામી સમયમાં પીવાના શુદ્ધ પાણી સહિત સિંચાઇ માટે પુરતું પાણી પણ મળવું મુશ્કેલ જણાઇ રહ્યુ છે. જેમાં ઉનાળાની સિઝનમાં શેરડી, કેળ, પપૈયા, મગ અને ઘઉ જેવા પાકોમાં સિંચાઇ માટે પુરતું પાણી મળી રહે તેવી સ્થિતિ જણાઇ રહી નથી, જેથી ખેડુતોની દયનીય હાલત થઇ શકે છે. આમ પ્રજાએ અત્યારથી જ પાણીનો સદ્ઉપયોગ કરે અને સાવચેતીથી વપરાશ કરે તેવી લોકમાંગ ઉઠી છે. તંત્ર જો સત્વરે પાણી બચાવ માટે કોઇ નક્કર કામગીરી નહી કરે તો સ્થિતી ભયાનક બની શકે છે અને પાણીનો કકળાટ ચરમસિમાએ પહોચશે.

**તંત્ર જો સત્વરે પાણી બચાવ માટે કોઇ નક્કર કામગીરી નહી કરે તો દુકાળ જેવી સ્થિતી ઉભી થવાની દહેશત : લોકોએ પણ પાણી બચાવવા ગંભીર થવું જરૂરી**

# ભંડારિયા જૈન દેરાસરનો ૩૭મો સાલગીરી મહોત્સવ ભાવપૂર્ણ માહોલમાં ઉજવાયો

## ભાવિકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી તન, મન અને ધનથી દાદાની ભક્તિ કરી

**ભાવનગર, તા. ૦૪**

ભાવનગર નજીકના ભંડારિયામાં પ્રગટ પ્રભાવી શ્રી પ્રાર્શ્વનાથ દાદાના જીનાલયનો ૩૭મો સાલગીરી મહોત્સવ ભારે ભાવ પૂર્ણ માહોલમાં ઉમંગ ઉત્સાહભેર ઉજવાઇ ગયો. આ પ્રસંગે મુંબઇથી મોટી સંખ્યામાં ભાવિકોની ઉપસ્થિતી રહી હતી અને તન મન ધનથી દાદાની ભક્તિમાં સૌ કોઇ લીન થયા હતા.

(તસવીર : જતીન સંઘવી)



સાલગીરી પ્રસંગે દ્વિ દિવસીય મહોત્સવમાં પ્રથમ દિવસે પ્રભુજીની ભવ્ય શોભાયાત્રા બેન્ડ વાજા અને રથ સાથે ગામના મુખ્ય માર્ગો પર ફરી હતી સાથે ભંડારિયાની ભાણેજ અને દિક્ષાર્થી મુમુક્ષુ નિરાલીબેનની વર્ષીદાન યાત્રા યોજાઇ હતી તેમજ અનુકંપદાન, પૂ.મ.સા.નું વ્યાખ્યાન, સમૂહ સામાયિક વિગેરે આ દિવસે યોજાયેલ. રાત્રે ભાવનામાં સંગીતકાર કમલેશ શાહ અને તેમની મંડળી દ્વારા પ્રભુભક્તિ રજુ કરાઇ હતી. આ તકે વિવિધ આદેશ આપવામાં આવેલ જેમાં આગામી ૩૮મી સાલગીરીનો ધજાનો આદેશ કૈલાસબેન દિનકરભાઈ શાહ (સાણોદર વાળા )એ લીધો હતો. મહાવદ -૨ને શુક્રવાર તા.૨ ફેબ્રુઆરીના દાદાની સાલગીરી ઉજવાઇ હતી. પ.પૂ.ઉપાધ્યાય પુંડરીકવિજયજી મ.સાની નિશ્રામાં પ્રભુજીના મસ્તકે વિધિ વિધાનભેર અઢાર અભિષેક કરવામાં આવેલ. આ તકે પારેવાની ચણ માટે ઉદાર દિલે સૌએ અનુદાન આપ્યું હતું. આખું વર્ષ પારેવાને ચણ નાખવામાં આવે છે.સાલગીરી મહોત્સવમાં બંને દિવસ નવકારશી, સંઘ સ્વામીવાત્સલય રાખવામાં આવેલ. ભંડારિયા, નાગધણીબા અને સાણોદરના સમસ્ત (શ્વેતાંબર મૂ.પૂ. તેમજ સ્થાનકવાસી) જૈન સંઘના સભ્યો આ પ્રસંગે ભાવનગર તથા મુંબઇથી પ્રતિવર્ષની જેમ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ. સાલગીરી મહોત્સવને સફળ બનાવવા શ્રી સંઘના આગેવાનો અને યુવા કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.આવાસ નિવાસ સહિતની વ્યવસ્થામાં ગ્રામજનોનો પણ સારો એવો સહકાર સાંપડેલ.

### બ્રાન્ડેડ કંપનીના ઘીમાં નકલી ઘી ભેળવતા હતા

# સરખેજથી નકલી ઘીના કાંડનો પર્દાફાશ : આરોપીઓ પલાયન

અમદાવાદ,તા. ૪

શહેરના સરખેજ વિસ્તારમાંથી પોલીસે નકલી ઘી બનાવવાના કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો અને ઘટનાસ્થળેથી નકલી ઘીના ૭૦થી વધુ ડબાનો જથ્થો જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં એવો ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો હતો કે, આરોપીઓ દ્વારા અમૂલ, સાગર જેવી બ્રાન્ડેડ કંપનીના ઘીના ડબાઓમાં નકલી ઘી ભેળસેળ કરી અમદાવાદ સહિત રાજયભરના જુદા જુદા સ્થળોએ બારોબાર વેચી મારવામાં આવતા હતા. પોલીસના દરોડા દરમ્યાન આરોપીઓ ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા. પોલીસે પાડેલા દરોડા દરમ્યાન નકલી ઘીના જથ્થા સહિત રૂ.પાંચ લાખથી વધુનો મુદ્દામાલ પણ જપ્ત કરાયો હતો. સરખેજ પોલીસે આ સમગ્ર કૌભાંડ અંગે જરૂરી ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી અને આરોપીઓને પકડવાના ચક્રો ગતિમાન કર્યા હતા. શહેરના સરખેજ વિસ્તારમાં ઉજાલા ચોકડીથી સાણંદ જતાં સાગર એસ્ટેટમાં બી-૧૦ નંબરના ગોડાઉનમાં બ્રાન્ડેડ ઘીમાં નકલી ઘી ભેળસેળ કરી રાજયના વિવિધ વિસ્તારોમાં વેચવાનું કૌભાંડ ચાલતુ હોવાની ચોક્કસ બાતમીના આધારે સરખેજ પોલીસે ગઈ મોડી રાત્રે નકલી ઘી બનાવવાની ફેકટરી પર દરોડો પાડયો હતો અને ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. જેમાં ઘટનાસ્થળેથી નકલી ઘી બનાવવાની સામગ્રી અને બ્રાન્ડેડ ઘીના ડબાઓ સહિતનો મુદ્દામાલ મળી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી અમૂલ, સાગર જેવી બ્રાન્ડેડ કંપનીઓના ઘીના ડબ્બાઓ સહિત રૂ. પાંચ લાખથી વધુનો મુદ્દામાલ પણ જપ્ત કર્યો હતો, સાથે સાથે નકલી ઘીના ૭૦ જેટલા ડબાઓ જપ્ત કર્યા હતા. જો કે, પોલીસના દરોડા પહેલા જ ફેકટરીના માલિક અને કારીગરો સહિતના આરોપીઓ ઘટનાસ્થળેથી ફરાર થઇ ગયા હતા. પોલીસની તપાસમાં એવી ચોંકાવનારી વિગતો સામે આવી હતી કે, આરોપીઓ આ સ્થળેથી અમૂલ, સાગર જેવી બ્રાન્ડેડ કંપનીના ઘીના ડબાઓમાં નકલી ઘી ભેળસેળ કરી ડબાઓ પેક કરી બારોબાર તે અમદાવાદ સહિતના રાજયના જુદા જુદા સ્થળોએ વેચી મારતા હતા. છેલ્લા ઘણા સમયથી આરોપીઓ દ્વારા આ નકલી ઘીનો કારોબાર ચલાવવામાં આવતો હતો, જેનો પોલીસે આજે પર્દાફાશ કર્યો હતો. પોલીસે આ સમગ્ર કૌભાંડમાં જરૂરી ગુનો દાખલ કરી આરોપીઓને પકડવાના ચક્રો ગતિમાન કર્યા હતા.

**પોલીસે ઘટનાસ્થળેથી નકલી ઘીના ૭૦ ડબા તેમજ પાંચ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો : પોલીસ તપાસ જારી**

# ભારત અને ચીનના સંબંધો 'કોલ્ડ વૉર' જેવા: અમેરિકન એક્સપર્ટ

**વોશિંગ્ટન**, તા.૪

અમેરિકાના રાજકીય જાણકારોનું માનવું છે કે, ભારત અને ચીન વચ્ચે 'કોલ્ડ વૉર'ની સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. બ્યૂરો ઓફ સ્ટેટ ડિપાર્ટમેન્ટ દ્વારા દક્ષિણ અને મધ્ય એશિયામાં પોતાની સેવા પ્રદાન કરનારી એલેઈસા આયરેસે ગત સપ્તાહે ન્યૂયોર્કમાં પોતાના નવા પુસ્તકના વિમોચન દરમિયાન ભારત અને ચીન વચ્ચેના સંબંધો શીત યુદ્ધ તરફ જઈ રહ્યા હોવાની સંભાવના વ્યક્ત કરી હતી.આયરેસે જણાવ્યું કે, ભારત અને ચીન વચ્ચે વ્યાવસાયિક સંબંધો મજબૂત છે, પરંતુ ભારત માટે આ બાબત બહુ સંતોષકારક નથી. તો બીજી તરફ કેટલાંક એવા કારણો છે જેનાથી અમેરિકા પણ ચીન સાથેના તેના વ્યાવસાયિક સંબંધોથી નાખુશ છે.

ભારત અને ચીનના સંબંધો અંગે પુછાયેલા સવાલનો જવાબ આપતા આયરેસે કહ્યું કે, વર્તમાન સમયમાં હિંદ મહાસાગરમાં ચીનની વધી રહેલી દરમિયાનગીરીથી ભારત ચિંતિત છે. આ ઉપરાંત પાકિસ્તાન અને શ્રીલંકામાં ચીનનું વધી રહેલું રોકાણ પણ ભારત માટે ચિંતાનો વિષય બની રહ્યું છે.

આયરેસે જણાવ્યું કે, અમેરિકા દ્વારા ચીનને સપ્લાઈથી કાઉન્ટર કરવાની કોઈ પણ યોજનાનો ભાગ બનવા ભારત ઈચ્છુક નથી જણાઈ રહ્યું. ભારત પોતાના હિતોને ધ્યાનમાં રાખીને કામ કરવાનું ઈચ્છુક છે.

### અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રી નોંધાયું

# નલિયામાં પારો ગગડી ફરી ૮.૬ ડિગ્રી સુધી નીચે ગયો

અમદાવાદ, તા.૪

અમદાવાદ સહિત રાજયભરમાં મિશ્ર વાતાવરણની સ્થિતિ વચ્ચે ફરી એકવાર ઠંડીનો ચમકારો જોવા મળ્યો છે. આજે નલિયામાં ફરી એકવાર લઘુત્તમ તાપમાન ઘટીને ૮.૬ ડિગ્રી થયું હતું જયારે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન વધીને ૧૪ ડ-ડિગ્રી થયું હતું. ઈન્ફેક્શનના કેસોમાં ચિંતાજનકરીતે વધારો થઇ રહ્યો છે. જાન્યુઆરી મહિનામાં જ પાણીજન્ય અને મચ્છરજન્ય રોગના કેસોમાં વધારો થયો છે. સવારમાં ઠંડી અને બપોરના ગાળામાં ગરમીનો અનુભવ થવા લાગ્યો છે. મોડી સાંજે ફુલગુલાબી ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, અમદાવાદમાં લઘુત્તમ તાપમાન વધી શકે છે. હાલના તાપમાન વચ્ચે રાજયના અનેક વિસ્તારોમાં શરદી, ખાંસી, દમ, અસ્થમા જેવા રોગના દર્દીઓની હાલત કફોડી બની જવા પામી છે.

અમદાવાદ સહિત રાજયભરમાં હવે મિશ્ર સ્થિતિ જોવા મળી રહી છે. ઠંડી અને ગરમીનું પ્રમાણ હોવાના કારણે લોકો પરેશાન થયેલા છે. અમદાવાદ સહિત રાજયભરમાં લઘુત્તમ તાપમાનમાં ફેરફાર થવાના કારણે હવે ઈન્ફેક્શન સબંધિત બિમારીનો ખતરો પણ તોળાઈ રહ્યો છે. રાજયમાં સરહદી જિલ્લા એવા કચ્છના નલિયાની સાથે બનાસકાંઠાના ડિસા સહિતના રણને અડીને આવેલા વિસ્તારોમાં વસતા લોકોને હવે પહેલાની સરખામણીમાં ઠંડીથી રાહત થઈ છે પરંતુ હજુ પણ પારો ખુબ નીચે પહોંચેલો છે. અમદાવાદમાં હવે મિશ્ર વાતાવરણ જોવા મળી રહ્યું છે. સવારમાં ઠંડી અને બપોરના ગાળામાં ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. આજે બપોરે અમદાવાદમાં લોકોએ ગરમીનો અનુભવ કર્યો હતો.

**ગાંધીનગરમાં પારો ૧૩ ડિગ્રી : મિશ્ર વાતાવરણ યથાવત**

# જૂનના અંત સુધી વેચાઈ જશે એર ઈન્ડિયા, નવા માલિક સંભાળશે ચાર્જ

**ન્યુ દિલ્હ, તા.૪**

એર ઈન્ડિયાના નવા માલિકનું નામ જૂન માસના અંત સુધીમાં સામે આવી જશે. એવિએશનપ્રધાન જયંતસિન્હાએ આમ જણાવ્યું હતું. એર ઈન્ડિયાને વેચવાની બધી કાયદાકીય પ્રક્રિયાઓ વર્ષના અંત સુધીમાં પૂરી કરાશે અને લીલામીમાં એર ઈન્ડિયા જીતનારને તેની સંપત્તિ ટ્રાનસ્ફર કરવામાં આવશે. એર ઈન્ડિયાને પાંત ભાગમાં વહેંચવામાં આવશે. જેમાં ચાર ભાગને વેચવામાં આવશે. તેમાંથી એક ભાગ એર ઈન્ડયા, એરઈન્ડિયા એક્સપ્રેસ અને એઆઈ એસેટસ છે. તો બીજો ભાગ ગ્રાઉન્ડ હેન્ડલિંગ યુનિટ, ત્રીજો ભાગ એન્જીનિયરિંગ યુનિટ અને ચોથો ભાગ એલાયન્સ એર છે. જયારે પાંચમો ભાગ એસવીપીને સરકાર પોતાના હસ્તક રાખશે.

એસવીપીમાં એર ઈન્ડિયાના અસ્થિર કરજ, સેન્ટૉર હોટેલ, જમીન અને અતિકીમતી આર્ટ કલેક્શન છે, જે એર ઈન્ડિયાએ કેટલાય વર્ષોથી એકઠું કર્યું છે. એર ઈન્ડિયા પર આશરે ૫૦,૦૦૦ કરોડ રુપિયાનું દેવું છે જે દસ્તાવેજો તપાસતાં કદાચ ૭૦,૦૦૦ કરોડનું પણ હોઈ શકે છે. આ દેવું પણ પાંચ ભાગમાં વહેંચાશે. આ લેખાંજોખાં એવિએશનપ્રધાન જયંતસિન્હાએ રજૂ કર્યાં છે.

સિન્હાએ એર ઈન્ડિયા ડીસઈન્વેસ્ટમેન્ટને વેલ્યૂ અને રેવેન્યૂના હિસાબથી ભારતમાં કરાયેલી સૌથી મોટી એક્સરસાઇઝ ગણાવી છે. ડીઆઈપીએએમના જણાવ્યાં પ્રમાણે સરકારને આશા છે કે જૂન માસના અંત સુધીમાં એર ઈન્ડિયાની લીલામીનો વિજેતા મળી જશે. અને સમગ્ર પ્રક્રિયા ડીસેમ્બર સુધીમાં પૂર્ણ થશે.

એર ઈન્ડિયા વિનિવેશ ત્રણ ચરણમાં પૂર્ણ થશે તેમ જણાવતાં સિન્હાએ કહ્યું કે ઝડપથી અમે ચાર ભાગમાં ડીસઈન્વેસમેન્ટને લઈને મેમોરેન્ડમ બહાર પાડીશું. જેમાં તે સંબંધિત તમામ જાણકારીઓ હશે. એર ઈન્ડિયા ખરીદવામાં રુચિ ધરાવતી પાર્ટીઓ પોતાના પસંદના યુનિટ માટે બોલી લગાવશે અને સૌથી વધુ બોલી લગાવનાર તે સોંપી દેવાશે.

**પાના ૧ નું શેષ**

**ભારતમાં રહેનાર**

રામ મંદિરનો મુદ્દો ફરી એકવાર ઉછાળતા કેન્દ્રીય રાજયમંત્રીએ કહ્યું હતું કે, રામ મંદિર ભારતમાં નહીં બને તો શું પાકિસ્તાનમાં બનશે? રામ મંદિરનું નિર્માણ અયોધ્યામાં જ થશે અને તેના માટે હિન્દુ-મુસલમાનોએ એકસાથે સામે આવવું પડશે. મુસલમાનોમાં પણ શિયા સમુદાયના લોકો તૈયાર છે, પરંતુ સુન્ની તૈયાર નથી. સુન્નીઓએ પણ શિયા સમુદાયની માફક વાતનો સ્વિકાર કરી લેવો જોઈએ.

ઉલ્લેખનીય છે કે, ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી દરમિયાન નરેન્દ્ર મોદીના વિરોધીઓને પાકિસ્તાન ચાલ્યા જવા સંબંધીત નિવેદન બાદ ચર્ચામાં આવેલા ગિરિરાજ સિંહ સતત વિવાદાસ્પદ નિવેદનો આપતા રહે છે. ગિરિરાજ સિંહ બિહારના નવાદાથી સાંસદ છે.

**પાના ૧ નું શેષ**

**લોંગ ટર્મ**

સ્વરુપે તિજોરી ઉપર બિનજરૂરી ખર્ચ પણ વધશે પરંતુ આ વખતે આ ખર્ચ ઉપર અંકુશ મુકવા માટે પગલા લેવામાં આવ્યા છે જેના ભાગરુપે જ ફરિયાદો થઇ હોવા છતાં એલટીસીજી ઉપર કોઇ ફેરવિચારણા કરવામાં આવશે નહીં. એલટીસીજી ટેક્સ લાગૂ કરવામાં આવ્યા બાદ શેરબજારમાં બ્લેક ફ્રાઈડેની સ્થિતિ રહી હતી. અધિકારીઓનું કહેવું છે કે, મોદી સરકાર પ્રથમ બજેટના દિવસથી જ મધ્યમ વર્ગના લોકોની ચિંતાને લઇને સંવેદનશીલ છે પરંતુ સાથે સાથે ખેડૂત અને ગ્રામ્ય વિસ્તારો ઉપર પણ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. ગરીબોની જરૂરિયાતોને બજેટમાં ધ્યાનમાં લેવામાં આવી છે. હેલ્થ કવર સહિત સામાજિક સેક્ટરની સ્કીમોમાં નાણા ઉપલબ્ધ કરાવવાના વધારાના સેસ લાગૂ કરવામાં આવ્યા છે જે ટેક્સ ઉપર લાગૂ થશે પરંતુ આ કરપાત્ર આવક ઉપર લાગૂ થશે નહીં.

અલબત્ત સરકારે મધ્યમ વર્ગને વધારે રાહત જાહેર કરી નથી પરંતુ બજેટમાં લોંગ ટર્મ કેપિટલ ગેઇન ટેક્સને લઇને વેપારી સમુદાયમાં નારાજગી દેખાઈ રહી છે જેને લઇને જુદા જુદા વર્ગો તરફથી આને પરત ખેંચવાની માંગ ઉઠી રહી છે. મોટાભાગના નિષ્ણાતો દ્વારા લોંગ ટર્મ કેપિટલ ગેઇન ટેક્સની સામે રજૂઆત કરી છે.

**પાના ૧ નું શેષ**

**બજેટ સત્રમાં**

રિપોર્ટ સંબંધિત મંત્રાલય અને સરકારી સંસ્થાઓ દ્વારા પેનલ સક્ષ સુપ્રત કરવામાં આવ્યો નથી. બીજેડીના ભારતરુહારીના નેતૃત્વમાં પેટા કમિટીના સભ્ય દ્વારા જણાવવામાં આવ્યુ છે કે રિપોર્ટમાં વિલંબ થવા માટે ઉદાસીનતા જવાબદાર છે. પીએસીના સભ્યે કહ્યુ છે કે રિપોર્ટ માટે ડ્રાફ્ટ તૈયાર કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. બજેટ સત્ર દરમિયાન તેને પૂર્ણ કરી લેવાશે. તેમણે કહ્યુ હતુ કે રિપોર્ટ સર્વગ્રાહી રહેશે. પીએસીની પેટા કમિટી દ્વારા રિપોર્ટને આખરી ઓપ આપી દેવામાં આવ્યા બાદ તે મંજુરી માટે મુખ્ય કમિટી સમક્ષ રજૂ કરવામાં આવનાર છે. કોંગ્રેસ પાર્ટીના સભ્યો દ્વારા રિપોર્ટના એક હિસ્સાનો વિરોધ કરે તેવી શક્યતા છે. મુખ્ય કમિટી કોંગ્રેસના મલ્લિકાર્જુન ખડગેના નેતૃત્વમાં છે. બોફોર્સ કોંભાંડ હોવિત્ઝર આર્ટિલરી ગન્સ હાંસલ કરવામાં કટકી સાથે સંબંધિત છે. આના કારણે રાજકીય ભૂકંપની સ્થિતી સર્જાઇ હતી. આના કારણે જ વર્ષ ૧૯૮૯માં રાજીવ ગાંધીના નેતૃત્વમાં સરકારનુ પતન થયુ હોવાનુ માનવામાં આવે છે. બોફોર્સ તોપ સોદાબાજી મામલામાં ૧૨ વર્ષના લાંબા ગાળા બાદ નવો વળાંક બીજી ફેબ્રુઆરીના દિવસે આવ્યો હતો. એટર્ની જનરલના સૂચનની સામે જઇને કેન્દ્રીય તપાસ બ્યુરો સીબીઆઈએ આરોપીઓની સામે આરોપો ફગાવી દેવાના દિલ્હી હાઈકોર્ટના ચુકાદા સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી દીધી હતી. ૬૪ કરોડ રૂપિયાનો આ મામલો રાજકીય દ્રષ્ટિથી ખુબ જ સંવેદનશીલ છે. સીબીઆઈએ આજે હાઈકોર્ટના ૩૧મી મે ૨૦૦૫ના ચુકાદા સામે અરજી કરી હતી.રાજકીય રીતે સંવેદનશીલ કેસમાં આરોપીઓની સામે તમામ આરોપો પડતા રદ કરવાના દિલ્હી હાઇકોર્ટના ૨૦૦૫ના ચુકાદાને પડકાર ફેંકીને અરીજ દાખલ કરવામાં આવી હતી.

**પાના ૧ નું શેષ**

**મોદી દેશના**

કાઉન્સિલ ઓફ નાગાલેન્ડ (ઇસાક મુઇવા) એટલે કે NSCN (IM) ની સાથે શાંતિ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. કરાર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં નવી દિલ્હીમાં દસ્તાવેજ થયા હતા. NSCN (IM)ના નેતા ટી.મુઇવા એ કરાર પર હસ્તાક્ષર કર્યા બાદ કહ્યું હતું કે હવે સંબંધોનો નવો દોર શરૂ થઇ રહ્યો છે. ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ કરાર પર હસ્તાક્ષર થવાને ઐતિહાસિક ક્ષણ ગણાવી હતી. રાહુલ ગાંધી એ પોતાની ટ્વીટમાં પીએમના એ નિવેદનની તરફ ઈશારો કર્યો છે.

નાગાલેન્ડમાં ૨૭ ફેબ્રુઆરીના રોજ ચૂંટણી યોજાવાની છે પરંતુ દ્વન્દ્વ (નગા નેશનલ પોલિટિકલ ગ્રૂપ) જેવાં ત્યાંના નાગરિક સંગઠનોએ ચૂંટણીનો બહિષ્કાર કરવાનું આહ્વાન કર્યું છે. નાગરિક સંગઠનોની માંગણી છે કે પહેલાં નગા મુદ્દાનું સમાધાન થાય. નાગાલેન્ડ ચૂંટણી માટે ઉમેદવારીપત્ર ભરવાની પ્રક્રિયા શરૂ થઇ ગઇ છે પરંતુ NNPGથી ડરની સ્થિતિ એ છે કે ઉમેદવાર પત્ર ભરવા સુદ્ધાં ગભરાઇ રહ્યાં છે. ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયા શરૂ થયાના બે દિવસ બાદ સુધી કોઈ ઉમેદવાર એ ઉમેદવારી પત્ર ભર્યું નહોતું. કેન્દ્ર સરકાર એ વિધાનસભા ચૂંટણી માટે અર્ધસૈનિક બળોની ૨૭૦ કંપનીઓને તૈનાત કરી છે.

**પાના ૧ નું શેષ**

**ચંદ્રયાન**

પ્રેક્ટિસના ભાગરૂપે ૭૦થી ૮૦ મીટરની ઊંચાઈએથી યાનની પ્રતિકૃતિનું લેન્ડિંગ કરાશે.

કિરણકુમારે વધુમાં જણાવ્યું હતું કે લોંચ માટે ચંદ્રયાન-૨ ફ્લાઈટના હાર્ડવેર તૈયાર કરાય છે. વર્તમાન વર્ષના પ્રથમ અથવા બીજા ત્રિમાસિક ગાળામાં ચંદ્રયાન-૨ લોંચ કરાશે. જિયોસિંક્રોસિસ સેટેલાઈટ લોંચ વ્હીકલ માર્ક-૨ સાથે ચંદ્રયાન-૨ લોંચ કરવામાં આવશે.

**પાના ૧ નું શેષ**

**ખેડૂતો માટે**

કરવામાં આવી રહી છે. રાજયોને કેટલીક સ્વતંત્રતા આપવામાં આવી રહી છે. રાજ્યો દ્વારા માર્કેટમાં પ્રવેશ કરવા અને ક્યારે પાકની ખરીદી કરવામાં આવે તે અંગે નિર્ણય લેવામાં આવશે. તેમની પોતાની જાહેર ક્ષેત્રની સંસ્થાઓ મારફતે પ્રાપ્તિ શરૂ કરવાની બાબત મહત્વપૂર્ણ રહેશે. યોગ્યરીતે કોમોડિટી મેળવી લેવા અને ખેડૂતોને તકલીફ ન પડે તે માટે તમામ ખાતરી કરવાની જવાબદારી રાજ્યોની રહેશે. રાજ્યો દ્વારા આ ઓપરેશનમાં કોઈપણ પ્રકારથી નુકસાન થશે તો કેન્દ્ર સરકાર દ્વારા વળતર ચુકવવામાં આવશે. એમએસપીના ૪૦ ટકા સુધી રાહત અપાશે. બજેટમાં હાલમાં જ જાહેરાત કરવામાં આવી હતી.

**પાના ૧ નું શેષ**

**સેનાના આધુનિકીરણ**

વર્ષની ફાળવણી કરતા ૭.૮૧ ટકા વધારે છે જેને વર્તમાન સમયમાં ચીન અને પાકિસ્તાન દ્વારા ઉભા કરવામાં આવેલા પડકારો વચ્ચે નહીવત સમાન ગણી શકાય છે. ગયા વર્ષની ફાળવણી ૭.૭૪ લાખ કરોડ રહી હતી. સંરક્ષણ બજેટમાં ૭.૮૧ ટકાનો વધારો સર્વિસના આધુનિકીકરણ માટે નહીંવત સમાન વધારો છે. આનો મતલબ એ થયો કે, સેનાની જરૂરિયાતોને પહોંચી વળવા માટે વધુ પ્રમાણમાં નાણાની જરૂરિયાત દેખાઈ રહી છે. મર્યાદિત સંરક્ષણ ફાળવણીના પરિણામ સ્વરુપે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસમાં પ્રાથમિકતા ચીન સરહદી માર્ગોને વધુ આપવામાં આવશે. જો કે, જનરલ સ્ટાફ રોડ પણ મહત્વપૂર્ણ છે. કારણ કે, ત્યાંથી જ સ્થાનિક અને આંતર સેક્ટર મુવમેન્ટની પ્રક્રિયા વધુ ઝડપી કરી શકાય છે. સંરક્ષણ બજેટને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને આ દિશામાં આગળ વધવાની જરૂરિયાત દેખાઈ રહી છે.

**પાના ૧ નું શેષ**

**દક્ષિણ આફ્રિકા**

જાળવી રાખીને અણનમ ૪૬ રન ફટકાર્યા હતા. દક્ષિણ આફ્રિકા સામે સતત બે વનડે મેચો જીતીને ભારતીય ખેલાડીઓએ શાનદાર ફોર્મનો પરિચય આપી દીધો છે. શિખર ધવને આજે ૨૪મી અડધી સદી ફટકારી હતી. અગાઉ ડરબનના મેદાન ખાતે રમાયેલી પ્રથમ વનડે મેચમાં ભારતે યજમાન દક્ષિણ આફ્રિકા પર શાનદાર જીત મેળવીને છ વન ડે મેચોની શ્રેણીમાં ૧-૦ની મહત્વની લીડ મેળવી લીધી હતી. ભારતીય કેપ્ટન વિરાટ કોહલીએ ફરી એકવાર વિરાટ બેટિંગ કરીને શાનદાર ૧૧૨ રન કર્યા હતા. વિરાટે વનડે કેરિયરની ૩૩મી સદી કરી હતી. રહાણેએ ભવ્ય ૭૯ રન કર્યા હતા. રહાણેની સતત પાંચમી અડધી સદીની મદદથી ભારતે દક્ષિણ આફ્રિકા પર છ વિકેટે જીતી મેળવી હતી.

યજમાન ટીમે પ્રથમ બેટિંગ કરતા નિર્ધારિત ૫૦ ઓવરમાં આઠ વિકેટે ૨૬૯ રન કર્યા હતા. જવાબમાં ભારતીય ટીમે ૪૫.૩ ઓવરમાં જ ચાર વિકેટ ગુમાવીને આ રન બનાવી લીધા હતા. પ્રવાસી ટીમે આની સાથે જ ૧-૦ની લીડ મેળવી લીધી હતી. કોહલીએ આફ્રિકામાં પોતાની પ્રથમ વનડે સદી કરી હતી. કોહલીએ ૧૧૯ બોલમાં ૧૦ ચોગ્ગા ફટકાર્યા હત. તે પહેલા આફ્રિકા તરફથી કેપ્ટન ડુ પ્લેસીસે ૧૧૨ બોલમાં ૧૧ ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી ૧૨૦ રન કર્યા હતા.હાલમાં જ ટેસ્ટ શ્રેણીમાં ભારતની આફ્રિકાની સામે હાર થઇ હતી. ભારતે વનડેમાં જોરદાર દેખાવ કર્યો હતો.

**પાના ૧ નું શેષ**

**એનડીએ સાથે**

અમિત શાહે મુખ્યમંત્રીને કઠોર પગલા ન લેવા માટે સલાહ આપી હતી. અરુણ જેટલી દ્વારા પહેલી ફેબ્રુઆરીના દિવસે રજૂ કરવામાં આવેલા બજેટ બાદ ટીડીપીના નેતાઓએ સતત આક્ષેપ કરતા કહ્યું હતું કે, આંધ્રપ્રદેશની બજેટમાં સંપૂર્ણ અવગણના કરવામાં આવી છે. મુખ્યમંત્રી નાયડુએ પોતે એક કાર્યક્રમમાં કહ્યું હતું કે, ગઠબંધન તેમની કોઇ મજબૂરી નથી. નાયડુએ કેન્દ્રીય બજેટ ઉપર ગંભીર નારાજગી વ્યક્ત કરી હતી. કેન્દ્ર સરકારે રાજયની અવગણના કેમ કરી છે તેવો પ્રશ્ન પણ કર્ય હતો. તેમણે કહ્યું હતું કે, બેંગ્લોર, મુંબઈ અને અમદાવાદ માટે જંગી નાણા ફાળવવામાં આવ્યા છે પરંતુ વિજયવાડા-વિશાખાપટ્ટનમ મેટ્રો માટે કોઇ નાણા મળ્યા નથી.

**પાના ૧ નું શેષ**

**ઉત્તર ભારતમાંથી**

તેનું કારણ એ હતું કે ૨૦૧૪માં સતત હવામાનની સિસ્ટમ ઉત્તર ભારતમાં સક્રિય હતી. જયારે ૨૦૧૫થી લઈને ૨૦૧૭ સુધીમાં ૨૫ ફેબ્રુઆરી પછીથી તાપમાનમાં વધારો થયો છે. જે મહત્તમ ૨૬થી ૨૭ ડિગ્રીની આસપાસ નોંધાયું છે. જોકે ઠંડા પવનના કારણે ઠંડક વધુ જોવા મળે છે. ૨૦૧૮ના ટ્રેન્ડ પર નજર નાખીએ તો છેલ્લા ત્રણથી ચાર વર્ષમાં ૪થી૫ વેસ્ટર્ન ડિર્સ્ટબન્સની અસર નવેમ્બરથી જાન્યુઆરીમાં દિલ્હીમાં જોવા મળી છે. ઉત્તર ભારતથી દિલ્હીની તરફ હવામાનની સિસ્ટમ વધારે એક્ટિવ થઈ નથી. તેના કારણે આ સિઝનમાં ઠંડી વારંવાર પાછી આવી રહી છે.

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે ૫ ફેબ્રુઆરીએ એક નવુ વેસ્ટર્ન ડિર્સ્ટબન્સ નોર્થ ઈન્ડિયામાં સક્રિય થવાનું છે. તેના કારણે પર્વતીય વિસ્તારમાં વરસાદ થવાની શક્યતા છે. મહત્તમ તાપમાન સામાન્ય રહી શકે છે. ૧૦થી ૨૫ ફેબ્રુઆરી વચ્ચે હવામાન વિભાગની ગતિવિધિ નોર્મલ રહેવાની શક્યતા છે. તે સાથે જ બપોરના સમયમાં ગરમીનો અહેસાસ થઈ શકે છે.

**પાના ૮ નું શેષ**

**કુખ્યાત વલીઉલ્લાના**

હુમલો કર્યો હતો. જેમાં વલીઉલ્લાનાં ભાઈ બરકત અને કાલુ સહિત ત્રણ જણા ઉપર તલવાર વડે ઉપરા છાપરી ઘા ઝીંકી લોહીની હોળી રમી ભાગી છૂટતા અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. આ અંગે રેલવે અને આરપીએફ પોલીસને જાણ થતા પોલીસ કાફલો દોડતો થયો હતો અને ઈજાગ્રસ્ત ત્રણેય જણાને રિંગરોડ નિર્મલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં કાલુ નામના યુવકનું મોત નીપજ્યું હતું. હાલ આ બનાવ સંદર્ભે રેલવે અને આરપીએફ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આગામી દિવસોમાં રેલવેની હદમાં ગેંગવોર થવાની દહેશત જણાઈ રહી છે. અત્રે ચર્ચાનો વિષય એ છે કે વલીઉલ્લા પર થયેલા હુમલાનો બદલો લેવા માટે આગામી દિવસોમાં હરીફ ગેંગ ઉપર ઘાતક હુમલો થાય તેવી શક્યતા નકારી શકાય તેમ નથી. આ ખૂનની હોળી પાછળ રેલવે પોલીસ અને આરપીએફ જવાબદાર હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જો ઉચ્ચ અધિકારીઓ આ અંગે તપાસ કરે તો કેટલાક કર્મચારીઓની સંડોવણી પણ સામે આવે તેવી શક્યતા પણ જણાઈ રહી છે. આ બનાવ સંદર્ભે રામપુરા રાજાવાડી પીરશાહની ચાલીમાં રહેતો અને વલીઉલ્લાનો નાનોભાઈ બરકત ઈનાયતખાન પઠાણે રેલવે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

**પાના ૮ નું શેષ**

**શહેરમાં દિવસે**

મહત્તમ તાપમાન અડધી ડિગ્રી વધીને ૩૩.૯ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન અડધી ડિગ્રી વધીને ૧૨.૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

**હૈયું બોલે છે**

**અનુસંધાન પાના છેલ્લાનું**

*પ્રણેતા કાનજીભાઈ દ્યભાણતા ગણાય. આજે ખરે જ તેમના જ્વારા અનેકવિધ પ્રવૃતિઓ તેમની સુજના કારણે થઈ રહી છે. દાતાઓ પાસેથી દાન મેળવવું ઘણું કઠણ છે તેમ છતાં તેમના દ્વારા આવું દાન મેળવ્યા રહ્યું છે જરૂર પડ્યે ટ્રાસ્ટીઓ અને મિત્રો મદદ કરે છે.*

*તા. ૨૮,૧,૧૮ના સમુહલગ્ન ખરે જ જુદી ભાતનો મહોત્સવ વિધવા બહેનોના સંસ્કારથી વાત સમજવા જેવી છે, આજ સુધી છેદ છેલ્લા બે એક સમુહલગ્નમાં ઉડાવી દેવામાં આવ્યો છે આ સમુહલગ્ન સમારોહનું ઉદ્‌ઘાટન ગંગાસ્વરૂપ બહેનો દવારાજ કરવામાં આવ્યું. આ કાંઈ જેવી તેવી બિનના ન ગણાય, બહેનો પુરૂષ સ્મોડી જ છે તેથી બે મહિલા જેઓ પોતાનો બિઝનેસ બહુ સારી રીતે સંભાળે છે શ્રીમતિ, પ્રતિ બહેન એમ. પટેલ જે પટેલ એંજીનીયર કંપની મુંબઈના ડીરેક્ટર છે સુશ્રી પલ્લવીબહેન . કે પટેલ જેઓ અમેરિકામાં એક કંપનીના ચેરમેન છે. પટેલ સમાજના વિદ્યાર્થીઓએ નામના મેળવી છે. તેવા અભિજીત સતાણ્ની વિચારોથી કોમ્પ્યુટર ઓપરેટિંગ ટેક્નીકની શોધ જેની ઈન્ટરનેશનલ પેટન્ટ કરાવનારનું સમ્માન કરવામાં આવ્યું સાથે નિકુજ ગોટી એરો સ્પેસ એંજીનીયર ઈસરોમાં વૈજ્ઞાનિક ત્રિવેદન કરે, કલ્પેશ. બી. ગુજરાતી સોફ્ટવેર એંજીનીયર ગુગલ ન્યુયોર્ક, કેતન લુખી બીટેક્સ એમબીએ (આઈઆઈએમ) મેનેજમેન્ટ કન્સલટન્ટ કે.પી.એન.જી. મુંબઈસ કેતન એમ. વસાણી,આ.સી.ઈ.ઓ જનરલ મોટર યુ.એસ.એ બેંગ્લોર, રણજીત એમ. સુતરીયા, આંતરરાષ્ટ્રીય ઈ.સ્પોર્ટસ કોમેન્ટેટર આ ગઈમક્ષેત્રે સહુથી નાનીવટનો કાસ્ટર કોમેન્ટર ખેલાડી, આ બધાનું સમ્માન સ્ટેજ પરથી કરવાનો હેતુ અત્યારની પેઢીને ખ્યાલ આવે સમાજના આ તારલાઓએ આવી ડીગ્રી સાથે જોબ મેળવી લાખો રૂપિયાનો પગાર મેળવી રહ્યા છે તેની ધગરા હોય તે આવી જગ્યાએ પહોંચી શકે છે.*

*૧૫૧ યુગલોએ લગ્ન ખર્ચ કોટડિયા પરિવારે ઉઠાવ્યો હતો. જેના મોભી ધીરૂભાઈ કોટડિયાએ સાથે નાનાભાઈ જીતુભાઈ અને ભાર્ગવ સાથ આપી રહ્યા છે. ધીરૂભાઈએ પણ ટેક્નોલોજી ક્ષેત્રે કાન્તી કરી છે, નાનાએવા ગામ બગસરા પાસે ભલગામમાં જન્મ સ્વામિનારાયણ ગુરુકુળમાં અભ્યાસ, ગુરુકુલ સુરતમાં સેવામાં અગ્રેસર હીરાઉદ્યોગમાં લેસર મશીન ઉપયોગી છે તે ધીરૂભાઈની કંપનીએ બનાવ્યું છે સાથે માણસના હૃદયને મુક્સાન કરતી નળીએ જામ થાય તેમાં બેસારાતી સ્પિંરગ પણ તેઓ બનાવે છે હાલ કેન્સર પર સંશોધન માણી રહ્યું છે. આ દાતા દ્વારા સમાજને દાન મેળવી છે.*

*આ ઉપરાંત દસ દસ યુગલોને દાતાઓનપં પણ સમ્માન કરવામાં આવ્લું , વિશેષ આદર્શખેતી કરતાં માલપરાના હીરજીભાઈ ભિંગરાડીયા અને કચ્છના વેલજીભાઈ ભૂડિયાનું પણ સમ્માન કરવામાં આવ્યું.*

*આ માધ્યમ ફક્ત સમુહલગ્નનું જ નથી રહ્યું નવી દિશા સુજાડાવાનું પણ ગણાય છે આવી દિશા સમાજના ઉપપ્રમુખ સવજીભાઈ વેકરીયાને મળી જેથી તેમના ગામ રફાળાને આદર્શ ગામ ગોલ્ડન વિલેઝ બનાવી દીધું. સુરતમાં તો સમાજની પ્રવૃતિ કરે છે સાથે પોતાના ગામમાં પણ કરી બતાવી, તેવી દિશા સમાજના કન્વીનર હરિભાઈ કથિરીયા કરી રહ્યાં છે. આ જ સમાજના માધ્યમ દ્વારા થોડા સુરત મ્યુ. કોર્પોરેશનના કોર્પોરેટર બન્યા છે અને ધારાસભ્ય પણ બન્યા છે જેના પાયામાં સમાજ રહેલો છે. મનહરભાઈ સાસપરા અને મુકેશભાઈ નાવડીયા સમાજનાં ટ્રસ્ટી સાથે સારા ઉદ્યોગપતિ છે જે સમાજને દાન આપી સેવા આપી રહ્યા છે. સમાજની સેવા કરી સી.એમ.વાઘાણી, પટેલ સમાજ કેળવણી મંજળનું સંચાલનઅને આયુ. કોલેજના પ્રિન્સીપાલ તરીકે સાવા આપે છે. આમ સમાજના ટ્રસ્ટીઓ શિક્ષણ આરોગ્ય અને જુદા જુદા વ્યવસ્યામાં રહી સમાજ સેવાનું કાર્ય કરી રહ્યા છે. ટ્રસ્ટી શામજીભાઈની અનોખી સેવાકિય કામગીરી અલગથી વર્ણવા જેવી છે. ૨૬૧ લગ્નમાં એકસારી વાત એ બની એક પણ ભરતા પહેલાં આવી બાયંધરી લેવાથી ખ્યાલ આવ્યો.*

*એક સરખા ૨૬૧ સુંદર લગ્ન મંડપો અને જલદળથી લઈશે, જમણવારનાં ડોમ સાથેનો આ ભવ્ય લગ્ન મહોત્સવ ખરે જ સંસ્કાર મહોત્સવ બની દાયી રહ્.ા, આ પાનામાં દીપતી હોય તો બધા સ્વયંસેવકોના કારણે, મોરપીછાથી શોભે છે સ્વયંસેવકોથી ટ્રસ્ટીમંડળ ઉજળું લાગે સમાજિક ક્રાન્તીનો દિપક કાયમ જલતો રહે તેવી પ્રાર્થના જય સમાજ.*

*લેખક સંપર્ક નં.૯૮૨૫૧ ૩૬૯૯૦*

**પાના ૮ નું શેષ**

**પોલીસ આરોપ**

પત્નીનો મૃતદેહ જોયા બાદ પતિ ભયનો માર્યો પોલીસ પાસે પહોંચી ગયો હતો. જોકે પોલીસે તેને જ આરોપી બનાવી દીધો. તેમણે પોલીસ કાર્યવાહી પર પણ પ્રશ્નો ઉભા કર્યા હતા. ફરિયાદી પક્ષ આરોપ સાબિત કરવામાં નિષ્ફળ રહેતા કોર્ટે બંને પક્ષની દલીલો બાદ આરોપી રાજીવ ઉર્ફે રાજુ? તિવારીને આરોપ મુક્ત કરી નિર્દોષ છોડી મૂકવા હૂકમ કર્યો હતો.

**પાના ૮ નું શેષ**

**કાપડના કામદારોની**

પહેલાં એક વેપારી પાસેથી ૪ કારીગરો ગ્રે કાપડ ડિલીવર કરી ગુજરાન ચલાવતાં હતા હવે માત્ર બે જ કામદારોને જ રોજગારી મળે છે. આ ઉપરાંત માર્કેટ વિસ્તારમાં પીળા પટ્ટામાં વાહનો પાર્ક કરવાની વ્યવસ્થા છે ત્યાં નાના ટેમ્પોની જગ્યાએ મિલ માલિકો પોતાના મોટા ટ્રક પાર્ક કરી રહ્યા છે.

જેના કારણે ટ્રાફિક ભંગના દંડનો ભોગ પણ નાના કારીગરે બનવું પડી રહ્યું છે. રવિવારે મળેલી મિટીંગ બાદ પોલીસ તંત્રને ટ્રાફિક શિસ્તતા જાળવવા અન્ય રસ્તો કાઢવાનું જણાવી માર્કેટમાં ગ્રે કાપડની ડિલીવરી શરૂ કરાવવાની માંગણી કરાશે. જોકે અગાઉ પોલીસ તંત્ર દ્વારા માર્કેટના વેપારીઓ, મિલ માલિકો અને લેબર યુનિયન સાથે મિર્ટીગ કરી તેમને કાપડ ડિલીવરનું શિડ્યુલ તૈયાર કરી આપવામાં આવ્યું હતું. તેમ છતાં શિડ્યુલનું પાલન નહી થતાં ટ્રાફિક જામની સ્થિતિનું નિર્માણ થવા પામ્યું હતું.

**પાના ૮ નું શેષ**

**અમૃતમ્ યોજના**

ખર્ચ સરકાર દ્વારા ચુકવવામાં આવે છે. તેના માટે મુખ્યમંત્રી અમૃતમ યોજના અને માં વાતસલ્ય યોજનાના કાર્ડ બનાવવાનું ફરજીયાત છે. જેનો લાભ ઉચકી ડબોલીગામ સરદાર નગરમાં રહેતો દિગ્વીજય દિપસિંહ ચૌહાણ અને તેનો ભાઈ પાર્થવ રાજસિંહ દિપસિંહ ચૌહાણે માં અમૃતમ કાર્ડ બનાવવા માટે રાજકોટના અનીલ ડી.સરવૈયાનો સંપર્ક કરી બોગસ કાર્ડ બનાવવાો ધંધો શરૂ કર્યો હતો. આ ત્રણેય જણા આર્થિક લાભ માટે મુખ્યમંત્રી અમૃતમ યોજના અને માં વાત્સલ્ય યોજનાની રજીસ્ટ્રેશન સિસ્ટમમાં અધિકૃત ન હોવા છતાં અન્યની આઈડી અને પાસવર્ડ તેમજ થંબ ઈમ્પ્રેશનનો દુરપયોગ કરી ખોટી રીતે જરૂરી માહિતી અપલોડ કરતા હતા. ત્યારબાદ ખોટા અને બનાવટી કાર્ડ બનાવી લોકો પાસેથી રૂા.૩થી ૪ હજાર વસુલ કરતા હતા. આ અંગે અડાજણ ભુમી કોમ્પલેક્ષ પાસે અભિનંદન એપાર્ટમેન્ટમાં રહેતા અને સરકાર હોસ્પિટલમાં તબીબ તરીકે સેવા આપતા ડા.મહેન્દ્રકુમાર કરશનભાઈ પટેલ પાસે આવનાર જરૂરીયાતમંદોના કાર્ડ જોઈને શંકા ગઈ હતી. તેઓએ તપાસ કરતા દિગ્વીજય ચૌહાણ અને પાર્થ ચૌહાણ બંને ખોટા આઈકાર્ડ બનાવી લોકો સાથે વિશ્વાસઘાત કરી ર ાા હોવાનું સામે આવ્યું હતું. આ અંગે ડોક્ટર મહેન્દ્રકુમાર પટેલે ચોકબજાર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બંનેની ધરપકડ કરી ૧૩૮ કાર્ડ કબ્જે કર્યા હતા.

**પાના ૮ નું શેષ**

**રાજ્યનો કુખ્યાત**

આખરે પોલીસે એક ફોટોગ્રાફ્સ મુશ્કેલથી મેળવી તેની શોધખોળ હાથ ધરી હતી.

પાલનપુરી પૈસા વેરવામાં પાવરધો હોવાથી તેની પહોંચ પોલીસ બેડામાં તો હતી, ચૂંટણીના સમયે તે કેટલાક ઉમેદવારો માટે જંગી દારૂ પૂરો પાડતો હોવાથી રાજકીય ગોડફાધરના છૂપા આશીર્વાદ પણ હતા.જેના કારણે જેલમાં પણ તમામ સવલત મળતી હતી.

**પાના ૮ નું શેષ**

**ઓલપાડના સ્વાતંત્ર્ય સેનાની**

ફૂટી રહ્યા હતા.જેથી આ મુસાફરો પણ પ્રેરાઈને સ્વાતંત્ર?યસેનાની જગુકાકાની અંતિમયાત્રામાં જોડાઈ તેમને સન્માનપૂર્વક શ્રધ્ધાંજલિ અર્પી હતી.જયારે ઓલપાડ બીઆરસી કિરીટ પટેલે સ્વ.જગુકાકાને શ્રધ્ધાંજલિ અર્પી તેમના દેશની આઝાદીની લડતનો ઈતિહાસ ઉજાગર કરી જણાવ્યુ કે તેઓ સુ.જિ.પં.બાંધકામ સમિતિના માજી અધ્યક્ષપદે તથા અનેક સહકારી મંડળીમાં સેવા કરી ખેડૂતોના પ્રશ્નો માટે ઝઝુમતા રહ્યા હતા.જ્યારે તેઓ જીવ્યા ત્યાં સુધી ગામના બાળકો, યુવાનો અને વૃદ્ધોના માર્ગદર્શક બની દેશની રક્ષા માટે સતત ઉજાગર રહેવાની શીખ આપીને યુવાનોને વ્યસન મુક્ત રહેવા સતત અપીલ કરતા હતા.જા કે દુ:ખદ ઘટના તો ત્યારે બની કે સ્વ.જગુકાકાનો નશ્વરદેહ જહાંગીરપુરા સ્મશાનભૂમિમાં અગ્નિ સંસ્કાર કરી ઘરે ડાઘુઓ પરત ફરતા હતા,તે સમયે ગામમાંથી સમાચાર મળ્યા કે સ્વ.જગુકાકાના ધર્મપત્ની અને અછારણ ગામના જન્મેલા શાંતાબા પણ ૯૪ વષર્ની ઉંમરે પતિના મૃત્યુ આઘાતના કારણે બપોરના સુમારે આ ફાની દુનિયા છોડી સ્વ.પતિના શરણે સ્વર્ગમાં પહોંચ્યા છે.જેથી ગ્રામજનો સહિત સમાજના લોકોમાં ફરી શોકની કાલીમા પ્રસરી જવા પામી હતી.

DHABKAR DAILY Printed by SURESH MANANI, Published by RAJENDRA BAMBHAROLIYA on behalf of DHABKAR PUBLICATION and Printed at Taptilok Publications 152-153 Shreeram Estate, Pandesara, Surat (Gujarat) and Published at 8, 2nd Floor, Paris Plaza, Near Torrent house, Cinema Road, Surat-395003. Phone No.(0261) 2458008, Fax: 2458009. Editor: NARESH VARIYA * (* Responsible for selection of news under PRB Act) RNI NO.32066/76

DHABKAR DAILY Printed by SURESH MANANI, Published by RAJENDRA BAMBHAROLIYA on behalf of DHABKAR PUBLICATION and Printed at Taptilok Publications 152-153 Shreeram Estate, Pandesara, Surat (Gujarat) and Published at 8, 2nd Floor, Paris Plaza, Near Torrent house, Cinema Road, Surat-395003. Phone No.(0261) 2458008, Fax: 2458009. Editor: NARESH VARIYA * (* Responsible for selection of news under PRB Act) RNI NO.32066/76




સુરત મનપા દ્વારા નિર્મિત સરદાર બ્રિજના અડાજણથી અઠવા તરફના એક લેનને રવિવારે વિધિવત રીતે વાહન ચાલકો માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. જેના ઉદ્‌ઘાટન સમારંભમાં મેયર અસ્મિતાબેન શિરોયા, કમિ. થેન્નારસન, ધારાસભ્ય પૂર્ણેશ મોદી, સ્થાયી ચેરમેન રાજેશ દેસાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતાં. (તસવીર : ડિમ્પલ બંગડીવાલા)

### સુરત રેલવે સ્ટેશને દારૂમાં વર્ચસ્વ જમાવવા લોહિયાળ ગેંગવોર

# કુખ્યાત વલીઉલ્લાના અડ્ડા પર હરીફ બૂટલેગરનો હુમલો : એકનું મોત

## પોલીસનું મૌન : શનિવારે રાત્રે પાર્સલ ઓફિસ ખાતે ઘાતક હથિયારો સાથે વલીઉલ્લાના ભાઈ બરકત સહિત ત્રણ પર થયેલ હુમલામાં બે ગંભીર : હુમલાખોરોએ વાહનોમાં પણ તોડફોડ કરી આતંક મચાવ્યો

**સુરત, તા. ૪**

સુરત રેલવે પોલીસની હદમાં પોલીસની મહેરબાનીથી ખુલ્લેઆમ દારૂ અને જુગારનાં અડ્ડાઓ ધમધમી રહ્યા છે. અને બુટલેગરો બેફામ બની અવાર નવાર ઘાતક હુમલાઓ કરી પોતાનો રોફ જમાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. શનિવારે મધરાત્રીનાં સમયે કુખ્યાત બુટલેગર વલીઉલ્લાનાં દારૂનાં અડ્ડા પર અન્ય બુટલેગરોએ હુમલો કર્યો હતો. જેમાં વલીઉલ્લાનાં ભાઈ સહિત ત્રણ જણાને ગંભીર ઈજા પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં એકનું મોત નિપજ્યું હતું. આ હુમલા બાદ રેલવે અને આર.પી.એફ પોલીસ દોડતી થઈ હતી અને દારૂનાં ધંધામાં વર્ચસ્વ જમાવવા માટે હુમલો કર્યા હોવાનું જાણવા મળ્યું છે. હુમલાખોરોએ નવી પાર્સલ ઓફિસ પાસે વાહનોમાં તોડફોડ કરી આતંક મચાવી ભાગી છુટ્યા હતા. આ ઘટના પછી પણ રેલવે પોલીસ હજુ પણ સુધરી નથી. બુટલેગરોને છાવરતા હોવાનું સ્પષ્ટપણે પોલીસની કામગીરી પરથી દેખાઈ રહ્યું છે.

સુરત રેલવે પોલીસની હદમાં છેલ્લા ઘણાં વર્ષોથી વલીઉલ્લા નામનો બુટલેગર નવી પાર્સલ ઓફિસની પાસે ખુલ્લેઆમ દારૂનો અડ્ડો ચલાવી રહ્યો છે. તેમજ તેની પાસે જુગારનો અડ્ડો પણ ધમધમી રહ્યો છે. આરપીએફ અને રેલવે પોલીસને આ અંગે જાણ થતાં આંખ આડા કાન કરી વલીઉલ્લાને ખુલ્લો દોર આપ્યું હતું. પરિણામ વલીઉલ્લા આરપીએફ અને રેલવે પોલીસનાં કર્મચારીઓ અને અધિકારીઓને દર મહિને વ્યવહાર કરતા હોવાની કેફિયત સામે આવી છે. તેમ છતાં રેલવે પોલીસ અને આર.પી.એફ. વલીઉલ્લાને પકડવા અને તેનો અડ્ડો બંધ કરાવવા કોઈ પણ જાતનો રસ લેતી ન હતી. પરિણામે શનિવારે રાત્રિનાં સમયે રેલવેની હદમાં દારૂનાં ધંધામાં વર્ચસ્વ જમાવવા માટે વલીઉલ્લાનાં હરીફ ગેંગે ઘાતક હથિયારો સાથે વલીઉલ્લા અને તેના ભાઈ સહિત તેના સાગરીતો ઉપર

અનુ. પાના ૭ પર

# સૌરાષ્ટ્ર પટેલ સમાજનો સંસ્કાર મહોત્સવ!

આપણો દેશ ઉત્સવ પ્રધાન દેશ કહેવાય છે. જુદા જુદા રાજ્યોમાં રાષ્ટ્રિય મહોત્સવ સાથે ધાર્મિક સામાજિક ઉત્સવો ઉજવાતા રહે છે. આવા ઉત્સવોનું પરિણામ જ્ઞાન, આનંદ હોઈ શકે પણ સુરતનાં સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજે સાવ જુદી ભાત પાડી છે એ તેનું માધ્યમ છે સમૂહલગ્નો. આ સમૂહલગ્ન પણ જાણવા જેવા છે. સુરત હીરા નગરી કહેવાય છે અને હવે ટેક્ષટાઈલ હબ પણ બની ગયું છે, સૌરાષ્ટ્રમાંથી રોજી રોટીની તલાશમાં થોડા લોકો આવ્યા અને હીરા ઉદ્યોગમાં જોડાયા અને પછીથી સુરતમાં સ્થિર થઈ ગયા સાથે પોતાના કર્મભૂમિ બનાવી સુરતની છાપ દુનિયમાં ઉજળી બનાવી દીધી તેમાં પટેલ સમાજનો મહત્વનો ફાળો છે. ધંધા રોજગારમાં કમાતા ગયા સાથે સેવાકિય પ્રવૃતિ પણ કરતાં ગયા પૈસા કમાયા તે પૈસા દ્વારા સારી પ્રવૃતિમાં દાન આપવા લાગ્યા અને જે સેવાની ધગશ ધરાવતા હોય તે પોતાની સુજબુજથી સંસ્થાઓમાં કામ કરવા લાગ્યા જેનો લાભ સૌરાષ્ટ્ર પટેલ સમાજના લોકોને તો મળવા લાગ્યો સાથે બીજા સમાજે નોંધ લઈ તેઓ પણ આવી સેવાકિય પ્રવૃતિ કરવા લાગ્યા.



આ સુરતનાં સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજની જાણકારી મેળવવા જેવી છે. શરૂઆત સમૂહલગ્નથી કરવામાં આવી ૧૯૮૩માં ૩ યુગલથી સમૂહલગ્નની શરૂાત ૧૯૯૫માં ૩૨૯ સમૂહલગ્ન યોજવામાં આવ્યા હતા અને છેલ્લા ૨૮,૧,૧૮ના રોજ ૨૬૧ સમૂહલગ્ન થયા. અત્યાર સુધીમાં ૪૫૮૯ યુગલો લગ્નગ્રંથીથી જોડાયા છે. સમૂહલગ્ન મહત્વ લગ્ન પુરતું નથી પણ સમૂહલગ્નનાં માધ્યમથી સમાજને નવી દિશા મળી

**જ્યાં શિક્ષણ સંસ્કાર અને સમજણ મળે ત્યાં સુખ, શાંતિ, સમૃદ્ધિ મળતી હોય છે**

છે. નવા વિચારો મળ્યા છે. એટલું જ નહીં પરંતુ આ માધ્યમથી અનેક સંસ્થાઓની પ્રવૃતિઓને સહયોગ મળ્યો છે. સમૂહલગ્ન પ્રવૃતિ ઉપરાંત સામાજિક જાગૃતિ, અંધશ્રધ્ધા અંગે જાગૃતિ, શિક્ષણ પ્રોત્સાહન, વ્યસન મુકિત, મહિલા જાગૃતિ સાથે આ સંસ્થા દ્વારા કુંવારીમાંજિંગ અને કૃત્રિમ વરસાદનો સફળ પ્રયોગ સૌરાષ્ટ્રમાં કરી બતાવ્યો. જલકાંન્તી અને બેટી બચાવોનો નારો આજ માધ્યમ દ્વારા અપાયો સમાજનાં દાતાઓ તરફ તો દાન મળે છે સાથે સરકારી યોજનાઓનો લાભ મેળવવા પ્રયત્નો થાય છે જેવી કે કુંવરબાઈનું મામેરૂ યોજનામાંથી દસ હજાર અને સાત

**ઘસાઇને ઉજળા થનારને માન સમ્માન મળતા હોય છે**

ફેરા સમૂહલગ્ન યોજનામાંથી દસ હજાર મળવા પાત્રની જા યુગલોના વાલીને કરવામાં આવે છે. સાથે દીકરીને લાખેક રૂપિયાનો કરીયાવર પણ સમાજના દાતાઓ તરફથી કરવામાં આવે છે.

કોઈપણ કામની શરૂઆત ધીમી દેખાય છે સુરતમાં આ સમાજની રચના જે.આર. સવાણી જેઓ જજ હતા તેમણે કરેલી ૧૯૮૩માં ૩ લગ્ન તેમાં આર્થિક સધ્ધર કહેવાતા પોપટભાઈ આકરૂએ પોતાના દીકરીના લગ્ન સમૂહલગ્નમાં કરેલા જેથી એમ ન થાય કે ગરીબ વ્યકિતઓ માટે જ આ લગ્નો છે અને ધીરે ધીરે આ પ્રવૃતિ વધવા લાગી પછીથી સુરેશભાી પટેલ, પ્રમુખ બન્યા તેને સાથ આપ્યો કાનજીભાઈ ભાલાળાએ અને પોતાના લગ્નપણ ૧૯૮૭માં સમૂહલગ નના માંડવે ગોઠવ્યા. આ બંને વ્યકિત સિવાય બીજા ટ્રસ્ટીઓ પણ ખંભેખભા મિલાવી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજને સાથ આપી રહ્યાં છે અને આ સમાજ વટવૃક્ષ જેમ વિશાળ બની ગયો છે. કોઈપણ પ્રવૃતિ પાછળ એક કે બે વ્યકિતની સુઝ અને ધગશ ખૂબ જરૂરી છે. તેમાં કાનજીભાઈ ભાલાળાની ધગશે રંગ લાવી દીધો છે. આજે તેઓ પ્રમુખ છે પણ પ્રમુખ ન હોતા તો પણ નવી નવી બાબતો તેણે આ માધ્યમ દ્વારા પુરી પાડી છે. આ લખનારે તેને કાન્તીવીરનું બિરૂલ પચીસેક વરસ પહેલા સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ અને આકાશવાણી સુરત તરફથી લોકડાયરો ગોઠવાયેલો, તેની બે લાખ ઉપરની સંખ્યા ત્યારે મીની બજાર પાસેના કાન્તી મેદાનમાં થયેલી જે લોકડાયરીની વિક્રમ જનક સંખ્યા કહેવાય છે તેમાં કહેવાયું હતું. હરિયાળી કાન્તીના પ્રણેતા વડાપ્રધાન લાલબહાદૂર શાસ્ત્રી, સ્વેત કાન્તીના પ્રણેતા ડો. કુરીયન તેવા સામાજિક કાન્તીના

અનુ. પાના ૭ પર

# શહેરમાં દિવસે ગરમી વધી, મહત્તમ તાપમાન ૩૪.૨ ડિગ્રી

**સુરતનું લઘુત્તમ તાપમાન ૧૭.૬ ડિગ્રી અને વલસાડનું લઘુત્તમ તાપમાન ૧૨.૧ ડિગ્રી**

**સુરત, તા.૦૪**

રાજ્યમાં રવિવારે સૌથી વધુ મહત્તમ તાપમાન સુરતનું ૩૪.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. દિવસ દરમિયાન શુષ્ક વાતાવરણ રહ્યું હતું. વલસાડમાં દિવસે ગરમી અને રાત્રે ઠંડી યથાવત રહી હતી.

હવામાન વિભાગમાંથી પ્રાપ્ત માહિતી પ્રમાણે શહેરનું આજરોજનું મહત્તમ તાપમાન ૩૪.૨ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૭.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ ૨૭ ટકા, દબાણ ૧૦૧૦.૯ મીલીબાર સાથે ઉત્તર દિશામાંથી પ્રતિકલાક ૪ કિમીની ઝડપે પવન ફૂંકાયો હતો.

શહેરમાં દિવસે તાપમાન બે ડિગ્રી જેટલું વધતા ગરમી વધી હતી. રાત્રે ઠંડી ઘટી હતી ગતરોજનું મહત્તમ તાપમાન ૩૨.૧ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૮.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

વલસાડમાં દિવસે ગરમી અને રાત્રે ઠંડી યથાવત રહી હતી.

અનુ. પાના ૭ પર

# પોલીસ આરોપ સાબિત કરવામાં નિષ્ફળ રહેતા પત્નીની હત્યાનો આરોપી પતિ નિર્દોષ

**પાંડેસરા ગાયત્રીનગરમાં રાજીવ તિવારી પત્નીની હત્યા કરી જાતે જ પોલીસ સમક્ષ હાજર થયો હતો, આરોપ સાબિત કરવામાં પોલીસ નિષ્ફળ**

**સુરત તા.૪**

પાંડેસરાની ગાયત્રીનગર સોસાયટીમાં પત્નીનું ગળુ દબાવી હત્યા કર્યા બાદ પોલીસ સમક્ષ સરન્ડર કરવાના કેસમાં પોલીસ આરોપ સાબિત ન કરી શકતા કોર્ટે અંતિમ સુનાવણી દરમિયાન આરોપીને નિર્દોષ ઠેરવી છોડી મુકવા હૂકમ કર્યો હતો. કોર્ટે ચુકાદામાં જણાવ્યું હતુ કે, કેસ જ્યારે સાંયોગીક પુરાવા પર આધાર રાખતો હોય ત્યારે આરોપ સાબિત કરવાની સંપુર્ણ જવાબદારી ફરિયાદ પક્ષની હોય છે.

આ કેસની વિગત મુજબ પાંડેસરા જીઆઈડીસી પાસે આવેલ ગાયત્રીનગર સોસાયટીમાં રહેતા તથા મુળ ઉત્તર પ્રદેશના વતની રાજીવ ઉર્ફે રાજુ શીવ કુમાર તિવારી પર તેની પત્ની ક્રિષ્ણા ઉર્ફે કશીષની હત્યા કરવાનો આરોપ મુકાયો હતો. ગત તા.૧૧-૧-૨૦૧૬ના રોજ બપોરના સમયે ખેંચની સારવાર બાબતે પતિ-પત્ની વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ ઝઘડો થયો હતો. જેમાં આરોપી રાજીવ તિવારીએ તેના પટ્ટા વડે પત્નીને ગળે ટૂંપો આપી હત્યા કરી નાંખી હતી. ત્યાર બાદ પાંડેસરા પોલીસ મથકમાં પત્નીને મારી નાંખી હોવાની જાણ કરી હાજર થઈ ગયો હતો. પોલીસે આ મામલામાં તપાસ કરી ચાર્જશીટ ફાઈલ કરી હતી. આ કેસની અંતિમ સુનાવણી ચાલતા આરોપી તરફે એડવોકેટ વિનય શુકલાએ હાજર રહી આરોપોને નકારતા કહ્યું હતુ કે

અનુ. પાના ૭ પર

# સરકાર વચનો પુરા નહીં કરે તો ફરી આંદોલન : લાલજી પટેલ

**પાટીદારો પર કરાયેલા કેસો પાછા ખેંચવા તથા અનામત સરવેની કામગીરી સરકારે નહીં કરી હોવાનો લાલજી પટેલનો આક્ષેપ**

અમદાવાદ,તા.૦૪

છેલ્લા ઘણા સમયથી પાટીદારો દ્વારા અનામત માટે આંદોલન કરવામાં આવે છે. ત્યારે હવે ફરી જીઁના લાલજી પટેલે સરકારને આંદોલનની ચિમકી આપી છે. મળતી માહિતી અનુસાર લાલજી પટેલે સરકાર દ્વારા આપવામાં આવેલા વચનો પુરા નહિ કરવામાં આવે તો ફરીથી આંદોલન કરવાની ચિમકી આપી છે. મહત્વનુ છે કે, સરકાર દ્વારા પાટીદારો પરથી તમામ કેસ પાછા ખેંચવા માટે ખાતરી આપવામાં આવી હતી. પરંતુ સરકાર દ્વારા હજી સુધી કામગીરી શરૂ કરવામાં આવી નથી. આ ઉપરાંત સરકાર દ્વારા હજી સુધી અનામત માટે સર્વેની કામગીરી પણ શરૂ કરવામાં આવી નથી. જેથી હવે પાટીદારોમાં રોષ જોવા મળ્યો છે. ઉલ્લેખનીય છે પાટીદાલ આંદોલન વખતે જીઁના લાલજી પટેલે કહ્યું હતુ કે સરકારે અમારી પર ખોટા કેસ કર્યા છે અને અમારી પર ખોટી કલમો લગાડવામાં આવી છે. એ તમામ કેસ પાછા ખેંચવા માટે સરકારે ખાતરી આપી હતી પરંતુ હજુ સુધી કોઈ કામગીરી થઈ નથી.



(તસવીર : નિલેશ પટેલ)

# ઓલપાડના સ્વાતંત્ર્ય સેનાની જગુકાકાનું નિધન : આઘાતમાં પત્નીનો પણ દેહાંત

**જગુકાકાએ હિંદ છોડો ચળવળમાં ભાગ લીધો હતો : ગામ લોકો અને સમાજ દ્વારા ફટકડા ફોડી બેન્ડવાજા અને રાષ્ટ્રગીત વગાડી વિદાય અપાઈ**

**ઓલપાડ, તા. ૦૪**

દેશને અંગ્રેજાની ગુલામીમાંથી આઝાદ કરવા મહાત્મા ગાંધીજીએ સને-૧૯૪૨માં શરૂ કરેલ હિંદ છોડો લડતની ચળવળમાં ઝંપલાવી દેશની આઝાદી માટે અનેકવાર જેલની સજા ગુજારી ચુકેલા ઓલપાડ તાલુકાના સીમરથું ગામના સ્વતંત્ર સેનાની જગુકાકાનું આજે ૯૮ વર્ષની જૈફ વયે અવસાન થયું છે.જ્યારે આઝાદી પૂર્વે સાથ મરેંગે-સાથ જીએંગેના વચન સાથે લગ્નગ્રંથી જાડાયેલા જગુકાકાનો પાર્થિવ દેહ પંચમહાભૂતમાં વિલિન થતા તેમના મોતના આઘાતથી જગુકાકાના વયોવૃધ્ધ પત્ની શાંતાબાનું પણ ૯૪ વર્ષની જૈફ વયે અવસાન થતા કાળાચુડા પાટીદાર સમાજના લોકો સહિત સુરત જિલ્લા-શહેર,તાલુકાની પ્રજામાં શોકનું મોજું છવાયું છે.જ્યારે સ્વ.દંપતિની સ્માશાનયાત્રામાં અનેક દેશપ્રેમી સામાજીક,સહકારી,રાજકીય અગ્રણીઓ જાડાયા હતા.




વિગત મુજબ ઓલપાડ તાલુકાના સીમલથું ગામે આજે વહેલી સવારે આતશબાજી સાથે ફટાકડા ફુટી રહ્યા હતા.જેથી રસ્તે જતા અજાણ્યા મુસાફરો લગ્ન પ્રસંગ હોવાનું અનુમાન કરે તે પહેલા જ બેન્ડ વાજાની શરણાઈના સુર સાથે માનભેર સલામી સાથે રાષ્ટ્રગીતનું ગાન શરૂ થતા લગ્નમાં પહેલી વખત સાંભળેલા રાષ્ટ્રગીતના પગલે તેઓમાં આશ્ચર્ય ફેલાયું હતું.પરંતુ ત્યારબાદ ગામના પાદરે સ્વાતંત્ર?ય સેનાની જગુકાકાની સ્મશાનયાત્રામાં હજારોની સંખ્યામાં જાડાયેલા ડાઘુઓને નિહાળી પૂછપરછ કરતા આ અજાણ્યા મુસાફરોને જાણવા મળ્યું કે દેશની આઝાદીના લડવૈયા અને સ્વાતંત્ર?ય સેનાની એવા કાળાચુડા પાટીદાર સમાજના અગ્રણી સ્વ.જગુભાઈ કેશવભાઈ પટેલનો આજે મળસ્કે ૪:૩૦ કલાકના સુમારે ૯૮ વર્ષની વયે જીવનદિપ બુઝાયો છે.જેથી તેમની સ્મશાનયાત્રા નીકળે તે પહેલા બેન્ડ વાજા-શરણાઈના સુર સાથે તેમને સલામી અર્પી તેમના માનમાં ફટાકડા

અનુ. પાના ૭ પર

# કાપડના કામદારોની રોજગારી માટે માર્કેટમાં પુન: ગ્રેની ડિલીવરી શરૂ કરાવવા રજૂઆત કરાશે

**ટેક્ષટાઇલ માર્કેટ વિસ્તારમાં ટ્રાફિકજામને કારણે ગ્રેની ડિલીવરી બહાર કરાતી હતી, જો કે, કામદારોની રોજગારી બંધ થતા અન્ય રસ્તો કાઢવા લેબર યુનિયનની માગ**

**સુરત, તા. ૪**

ટેક્ષટાઈલ માર્કેટમાં ગ્રે ની ડિલેવરી બંધ થઈ જતા કામદારોની આજીવિકાને અસરો પહોંતચી છે. ત્યારે માર્કેટ વિસ્તારમાં ટ્રાફિકજામની સ્થિતિ ન સર્જાય અને કામદારોને રોજગારી પણ મળી રહે તે માટે રસ્તો કાઢવા આજે ટ્રાન્સપોર્ટ લેબર યુનિયનના આગેવાનોની બેઠક મળી હતી જેમા પુન: ગ્રેની ડિલેવરી શરૂ કરવા રજુઆત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ રીંગરોડ ટેક્સટાઈલ માર્કેટ વિસ્તારમાં ટ્રાફિક જામની કાયમી સમસ્યા છે. ત્યારે હાલમાં પૂર્ણ થયેલા ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમ દરમ્યાન વેપારી એસોસિએશનની સંસ્થા ફોસ્ટા તથા અગ્રણી વેપારીઓએ ટ્રાફિક ડીજીપી અને પોલીસ કમિશ્નરને મળીને ટ્રાફિકની સમસ્યાના નિરાકરણના વિવિધ પ્રશ્નોની ચર્ચા વિચારણા કરી હતી. છેલ્લાં ૬ માસથી માર્કેટ વિસ્તારમાં ગ્રે કાપડની ડિલીવરી મોટાભાગે બંધ થઈ ચૂક્યું છે. જેના કારણે મોટી મિલ ધરાવનારા ઉદ્યોગકાર માર્કેટ વિસ્તારની બહાર ગોડાઉન રાખી ત્યાંથી ગ્રે કાપડની ડિલીવરી કરતાં થયા છે. આ મુદ્દે સુરત જિલ્લા ટેક્સટાઈલ ટ્રાન્સપોર્ટ લેબર યુનિયનના પ્રવક્તા શાન ખાન જણાવ્યું કે, માર્કેટ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા ગંભીર છે પરંતુ ગ્રે કાપડની ડિલીવરી બંધ થવાના કારણે કારીગરોને કામ મળી રહ્યું નથી.

અનુ. પાના ૭ પર

# અમૃતમ્ યોજના- મા વાત્સલ્ય યોજનાના ડુપ્લિકેટ કાર્ડ બનાવવાનું કૌભાંડ ઝડપાયું

**પોલીસે બોગસ કાર્ડ બનાવનાર બેની ધરપકડ કરી : ૧૩૮ કાર્ડ કબજે, લોકોને ૪ હજારમાં કાર્ડ બનાવી આપતા હતા**

**સુરત, તા. ૪**

સુરત શહેરમાં સરકારી યોજનાઓનો ગેરલાભ ઉઠાવી લેભાગુ તત્વો જરૂરીયાતમંદ લોકો પાસેથી પૈસા પડાવવાનો ધિકતો ધંધો કરી રહ્યા છે. થોડા દિવસ પહેલા જ સરકારી અનાજ અને આધારકાર્ડ બનાવવાનું કૌભાંડ સામે આવ્યા બાદ વધુ એક મુખ્યમંત્રી અમૃતમ અને મા વાત્સલ્ય યોજનાના કાર્ડ બનાવવાનું કૌભાંડ સામે આવતા તંત્ર હલી ગયું છે. ચોકબજાર પોલીસે મુખ્યમંત્રી અમૃતમ યોજના અને માં વાત્સલ્ય યોજનાના ખોટા કાર્ડ બનાવનાર બેને ઝડપી પાડી પાંજરે પુર્યા છે. પોલીસે તેઓની પાસેથી ૧૩૮ જેટલા કાર્ડ કબ્જે કર્યા છે. આ બંને જણા જરૂરીયાતમંદ લોકો પાસેથી ૩૦૦૦થી વધુની રકમ વસુલ કરતા હતા.

મળતી માહિતી મુજબ ગુજરાત સરકાર દ્વારા ગરીબ લોકોને બિમારીઓ માટે રાહતદરે અને ફ્રિમાં સારવાર મળી રહે તે માટે મુખ્યમંત્રી અમૃતમ યોજના અને માં વાત્સલ્ય યોજના ચાલુ કરી છે. જે અંતર્ગત ગરીબ પરિવારોને ૨ લાખ સુધીનો સારવારનો

અનુ. પાના ૭ પર

# રાજ્યનો કુખ્યાત બુટલેગર જેલમા જ મહિલા સાથે ઐયાશી કરતા ઝડપાયો

## લીકરકિંગ અશોક પાલનપુરી સામે દારૂના ૧૫૦થી વધુ કેસો, હાલોલ સબજેલમાં સ્વરૂપવાન મહિલા સાથે કઢંગી હાલતમાં ઝડપી પાડવામાં આવ્યો : બે કોન્સ્ટેબલો સામે પણ ગુનો દાખલ

**વડોદરા,તા.૦૪**

રાજ્યભરમાં ૧૫૦થી વધુ પ્રોહિબિશનના ગુનાઓ નોંધાયેલા હોવા છતાં વર્ષો સુધી ફરાર રહીને દારૂનો કરોડોનો કારોબાર ચલાવનાર લિકરકિંગ અશોક પાલનપુરી હાલોલ સબ જેલની ઉપરના ભાગે આવેલા અવાવરુ રૂમમાં મહિલા સાથે ઐયાશી કરી રહ્યો હોવાની બાતમી મળતાં સર્કલ પી.આઈ.એ અચાનક જ છાપો મારતાં બૂટલેગર એક મહિલા સાથે કઢંગી હાલતમાં ઝડપાઈ ગયો હતો.

પોલીસે અશોક પાલનપુરી તેમજ તેને મદદ કરનાર બે પોલીસ જવાન સામે ગુનો દાખલ કરી અશોકની ધરપકડ કરી હતી. લિકર કીંગ અશોક પાલનપુરી સામે ૧૫૦થી વધુ પ્રોહિબિશનના ગુના નોંધાયેલા છે અને તે ૭૦ થી વધુ ગુનામાં વોન્ટેડ હતો અને સાત વર્ષ વોન્ટેડ રહ્યા બાદ મે ૨૦૧૭માં તે પોલીસના હાથે માંડ ઝડપાયો હતો.આરોપી સામે અસંખ્ય ગુનાઓ દાખલ થયેલા હોવાથી ૭૦થી વધુ ગુનાની તપાસ સી.આઈ.ડી.



ક્રાઈમનેસોંપાઈ હતી અને તેને હાલોલ સબ જેલમાં રખાયો હતો.

હાલોલ સર્કલ પી.આઈ. એમ.ડી.પુવારને આજે એવી બાતમી મળી હતી કે, પાલનપુરીને જેલના ગાર્ડ ગેરકાયદેસર રીતે જેલની બહાર કાઢે છે અને તેને જેલની ઉપરના ભાગે આવેલા રૂમમાં સ્વરૂપવાન મહિલાઓ સાથે ઐયાશી પણ કરવા માટે જવા દે છે. એટલે આ બાતમીના આધારે પી.આઈ.એ સ્ટાફને સાથે રાખી રેડ પાડતાં અશોક પાલનપુરી એક મહિલા સાથે કઢંગી હાલતમાં ઝડપાઈ ગયો હતો. પોલીસે અશોક રમણભાઈ પરમાર ઉર્ફે અશોક પાલનપુરી (રહે.પાલનપુર, તા.હાલોલ) હેડ કોન્સ્ટેબલ ભીખાભાઈ રૂપાભાઈ અને કોન્સ્ટેબલ મુકેશભાઈ રામા ભાઈ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

રાજ્યભરમાં દારૂ સપ્લાય કરતો અશોક પાલનપુરી ઝડપાયો તે પહેલાં પોલીસ પાસે તેનો ફોટો પણ ન હતો.

અનુ. પાના ૭ પર